dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 299 | AD - 2026, Ashadh Vad - 06 | Tuesday, Dt. 04-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અને પોલીસ બળપ્રયોગ સંબંધિત અરજીઓની સુનાવણી હાથ ધરી

# વિદ્યાર્થીના વિરોધની આડમાં ગુનેગારોને રક્ષણ મળવુ જોઈએ નહી : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અને પોલીસ બળપ્રયોગ સંબંધિત અરજીઓની સુનાવણી હાથ ધરી હતી. દેશના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ આ મામલાની સુનાવણી કરી રહી છે.

કોર્ટમાં એક તરફ અતિશય બળપ્રયોગ કરનારા પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરતી અરજીઓ છે, તો બીજી તરફ વિરોધ પ્રદર્શન દરમિયાન ઘાયલ થયેલા સરકારી અધિકારીઓ અને પેલેટ ગનના ઉપયોગ સામે પણ અરજીઓ દાખલ કરવામાં આવી છે. આ સુનાવણી દરમિયાન સીજેઆઈ સૂર્યકાંતે ખૂબ જ મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, બળપ્રયોગ કરનારા કોઈ પણ પોલીસ અધિકારીને અયોગ્ય રક્ષણ મળવું જોઈએ નહીં. સાથે સાથે, વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનની આડમાં રીઢા ગુનેગારોને પણ રક્ષણ ન મળવું જોઈએ.



સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ વૃંદા ગ્રોવરે રજૂઆત કરી હતી કે આ કેસ મૂળભૂત રીતે શિક્ષણ પ્રણાલીમાં સુધારો કરવા માટેનો હતો અને જે યુવાનો સામે એફઆઈઆર નોંધવામાં આવી છે, તેમનું આખું ભવિષ્ય સામે પડ્યું છે. બિહાર, બંગાળ, આસામ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં આવી એફઆઈઆર રદ કરવા અંગેની કાર્યવાહી વિચારાધીન છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્પષ્ટ કર્યું કે સરકાર કાયદા હેઠળ શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે આ બાબતને ઉકેલવા પ્રતિબદ્ધ છે, પરંતુ એફઆઈઆર સીધી પાછી ખેંચવી કાનૂની રીતે સહેલી નથી.બીજી તરફ, વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ 'ક્રિમિનલ રેકોર્ડ' શબ્દની સ્પષ્ટતા કરવાની માંગ કરી હતી, જેથી નાના-મોટા ટ્રાફિક ભંગ અથવા રાજકીય વિરોધના કેસોને કારણે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે. આ અંગે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખાતરી આપી હતી કે સરકાર જે યાદી તૈયાર કરી રહી છે તેમાં માત્ર બળાત્કાર, હત્યા અને પોસ્કો જેવા જઘન્ય ગુનાઓનો સમાવેશ થાય છે. કોર્ટે પણ આદેશમાં સ્પષ્ટ કર્યું કે 'ક્રિમિનલ રેકોર્ડ''નો સંદર્ભ માત્ર ગંભીર ગુનાઓ પૂરતો જ સીમિત રહેશે.વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે કોર્ટનું ધ્યાન દોર્યું કે પોલીસે કરેલા અતિશય લાઠીચાર્જ અને પેલેટ ગનના ઉપયોગ માટે કોણે મંજૂરી આપી હતી તેની જવાબદારી નક્કી થવી જોઈએ. આ માટે રેપિડ એક્શન ફોર્સ અને પોલીસ કમિશનરે સોગંદનામામાં સ્પષ્ટતા કરવી જોઈએ.

એડવોકેટ વૃંદા ગ્રોવરે ઉમેર્યું કે દિલ્હી પોલીસમાં પેલેટ ગનના ઉપયોગ માટે કોઈ સત્તાવાર આદેશ નથી અને તે સ્વ-બચાવ માટે યોગ્ય શસ્ત્ર નથી. ન્યાયાધીશે સૂચન આપ્યું હતું કે આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) અથવા ઉચ્ચ સ્તરીય સમિતિની રચના થવી જોઈએ, જેનું નેતૃત્વ ભૂતપૂર્વ ન્યાયાધીશ કરે. આગામી સુનાવણી દરમિયાન આ સમિતિની રચના, તેના નિયમો અને નિઝામુદ્દીન પોલીસ સ્ટેશન ખાતે વકીલ પર થયેલા હુમલાના સીસીટીવી ફૂટેજ સાચવવા જેવા મુદ્દાઓ પર વધુ ચર્ચા કરવામાં આવશે.

# શ્રાવણના પ્રારંભે દેશના શિવધામોમાં ગુંજ્યો 'હર હર મહાદેવ'નો નાદ

નવીદિલ્હી,તા.૩

શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે દેશભરના શિવ મંદિરોમાં શ્રદ્ધાનો અનેરો ઉછાળો જોવા મળ્યો છે. મોડી રાતથી જ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરે ભક્તોની લાંબી કતારો લાગી હતી. વહેલી સવારે ૨:૩૦ વાગ્યે મંદિરના દ્વાર ખુલ્યા બાદ ૩:૦૦ વાગ્યે બાબા મહાકાલની વિશેષ ભસ્મ આરતી યોજાઈ હતી. આરતી પહેલાં ભગવાન મહાકાલને જલ સ્નાન તેમજ દૂધ, દહીં, ઘી, મધ અને ફળોના રસ વડે મહાપંચામૃત અભિષેક કરાયો



હતો. ત્યારબાદ શિવજીનો ભાંગ, ચંદન અને વસ્ત્રોથી દિવ્ય શૃંગાર કરીને ભસ્મ અર્પણ કરવામાં આવી હતી. સાંજે બાબા મહાકાલ નગરચર્યાએ નીકળ્યા હતા, જ્યાં લાખો ભક્તોએ રાજા મહાકાલની એક ઝલક મેળવીને ધન્યતા અનુભવી હતી.વારાણસીના કાશી વિશ્વનાથ ધામમાં મંગળા આરતી બાદ જ ભક્તોનું આગમન શરૂ થઈ ગયું હતું. મંદિર વહીવટીતંત્રે દૂર-દૂરથી આવેલા શ્રદ્ધાળુઓ પર પુષ્પવર્ષા કરીને તેમનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું. ઝારખંડના દેવઘરમાં આવેલા બાબા વૈદ્યનાથ ધામ ખાતે પણ જલાભિષેક માટે મોટો જનમેદની એકઠી થઈ હતી. સુલતાનગંજથી ગંગાજળ લઈને કાવડિયાઓ આશરે ૧૦૦ કિલોમીટરનું અંતર પગપાળા કાપીને બાબાના ચરણે પહોંચ્યા હતા. ગાઝિયાબાદના પ્રસિદ્ધ દૂધેશ્વર નાથ મંદિરમાં પણ સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી લાઈનો જોવા મળી હતી. દેશભરના તમામ શિવધામોમાં સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું.

# ભારતમાં જ નહી, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં પણ યુસીસી લાગુ કરવુ જોઈએ : તસ્લીમા નસરીન

કોલકાતા, તા.૩

દોઢ દાયકા કરતાં પણ વધુ સમય બાદ કોલકાતા પરત ફરેલા બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનના તાજેતરના નિવેદને નવો રાજકીય અને સામાજિક વિવાદ ઊભો કર્યો છે. સેક્યુલર મિશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે મહિલાઓ સામેના ભેદભાવને દૂર કરવા માટે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં પણ સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવી અત્યંત જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે બાંગ્લાદેશમાં



હિન્દુ મહિલાઓને મિલકતમાં સમાન અધિકાર મળતો નથી, તેથી સમાનતા અને સ્વતંત્રતા માટે કાયદાકીય સુધારા અનિવાર્ય છે. પશ્ચિમ બંગાળ સરકારે રાજ્ય માટે યુસીસીના ડ્રાફ્ટની સમીક્ષા કરવા કમિટી બનાવી છે, ત્યારે તેમનું આ નિવેદન મહત્ત્વનું બની રહે છે.બીજી તરફ, મદરેસાઓ અંગેની તેમની ટિપ્પણી બાદ મૌલવીઓ અને મુસ્લિમ સંગઠનોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ઓલ ઈન્ડિયા ઈમામ એસોસિએશનના પ્રમુખ મૌલાના સાજિદ રશીદીએ આ વિવાદસ્પદ નિવેદનોની તીવ્ર ટીકા કરતા સરકારને વિનંતી કરી છે કે તસ્લીમાને ભારતમાં રહેવાની મંજૂરી આપવી જોઈએ નહીં. જ્યારે કોંગ્રેસના સાંસદ તારિક અનવરે આને તેમનો વ્યક્તિગત અભિપ્રાય ગણાવ્યો હતો. વર્ષ ૧૯૯૪થી કટ્ટરપંથીઓની ધમકીઓને કારણે દેશનિકાલ ભોગવી રહેલા તસ્લીમાના આ પ્રવાસ અને નિવેદનોથી દક્ષિણ એશિયાના રાજકારણમાં સમાન નાગરિક સંહિતા મુદ્દે નવી ચર્ચા છેડાઈ છે.

### ઉત્તરાખંડમાં ભૂસ્ખલનનો ખતરો વધ્યો, બિહાર-ઝારખંડમાં વીજળી પડતા ૧૦ લોકોના મોત

# ૧૮ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ, અનેક વિસ્તારોમાં પ્રભાવિત

અમરેલી,તા.૦૩

દેશના અનેક રાજ્યોમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે સામાન્ય જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગે સોમવારે ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ સહિત કુલ ૧૮ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી સાથે એલર્ટ જાહેર કર્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતા



લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અનેક સ્થળોએ વાહન વ્યવહાર ધીમો પડ્યો છે અને નદીઓના જળસ્તરમાં પણ વધારો નોંધાયો છે.ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં સતત વરસાદને કારણે અનેક સ્થળોએ ભૂસ્ખલનનું જોખમ વધી ગયું છે. કેદારનાથ અને બદ્રીનાથ યાત્રામાર્ગ નજીકના કેટલાક સંવેદનશીલ વિસ્તારોને ડેન્જર ઝોન જાહેર કરવામાં આવ્યા છે. સુરક્ષાના ભાગરૂપે તંત્ર સતત નજર રાખી રહ્યું છે અને યાત્રાળુઓને સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે.બીજી તરફ રવિવારે બિહાર અને ઝારખંડમાં વીજળી પડવાની અલગ અલગ ઘટનાઓમાં કુલ ૧૦ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. રાજસ્થાનમાં પણ ભારે વરસાદ બાદ અજમેર, જોધપુર અને બાડમેર શહેરના અનેક રસ્તાઓ પર પાણી ભરાતા વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે અને લોકોને જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવાની સલાહ આપી છે.

# આતંકવાદીની ધરપકડ બાદ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની સુરક્ષામાં વધારો


કોલકાતા, તા.૩

આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ તરફથી મળેલા ગંભીર જોખમ બાદ પશ્ચિમ બંગાળના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીએ બુલેટપ્રૂફ વાહનમાં મુસાફરી કરવાનું શરૂ કર્યું છે. એસટીએફ દ્વારા શંકાસ્પદ આતંકીઓની ધરપકડ દરમિયાન સુવેન્દુ અધિકારીની દૈનિક ગતિવિધિઓ સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા. અગાઉ સુરક્ષા અધિકારીઓની સલાહ છતાં તેઓ સામાન્ય વાહન વાપરતા હતા, પરંતુ વધતા ખતરાને ધ્યાનમાં રાખીને હવે તેમણે ફરજિયાત બુલેટપ્રૂફ વાહનમાં મુસાફરી કરવાનો નિર્ણય લીધો છે.









**અડચણરૂપ ૬ મીટર વિસ્તારમાંથી ૪ મીટર સુધી ઓસરીનો ભાગ તોડાશે : બ્રોડગેજ સંચાલનમાં હજુ નડતર**

# અમરેલી રેલવે સ્ટેશનનું અડધું જૂનું બિલ્ડિંગ રાખવા નિર્ણય

**આરપાર નિર્ણય લેવાના બદલે રેલવેની ઢીલી નીતિથી અમરેલીનો વિકાસ રૂંધાયો**

અમરેલી,તા.૦૩

અમરેલી રેલવે સ્ટેશન ખાતે આવેલું જૂનું બિલ્ડિંગ નવા પ્લેટફોર્મ અને અન્ય સુવિધાઓના નિર્માણમાં અડચણરૂપ બન્યું છે. આ બિલ્ડિંગ તોડી પાડવા સામે કેટલાક લોકો દ્વારા વિરોધ અને તેને યથાવત રાખવાની માગણી કરવામાં આવતી હોવાથી લાંબા સમયથી આ મુદ્દે કોઈ નક્કર નિર્ણય લેવાયો નહોતો. હવે રેલવે દ્વારા બિલ્ડિંગને સંપૂર્ણ દૂર કરવાના બદલે અડચણરૂપ ભાગમાંથી માત્ર ૪ મીટર જેટલો ભાગ તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે આ કાર્યવાહી બાદ પણ અંદાજે ૨ મીટર જેટલો ભાગ નડતરરૂપ રહે તેમ હોવાથી રેલવેની આ નીતિ સામે સવાલ ઊઠી રહ્યા છે. રેલવેના નિયમ મુજબ રેલવે પાટાથી ૬.૫ મીટર સુધીના અંતરમાં અન્ય કોઈ બાંધકામ ન હોવું જોઈએ. અમરેલી રેલવે સ્ટેશનનું જૂનું બિલ્ડિંગ પાટાની અત્યંત નજીક આવેલું હોવાથી નવા પ્લેટફોર્મ સહિતની કામગીરીમાં તે અડચણરૂપ છે. બિલ્ડિંગ દૂર કરવામાં ન આવે ત્યાં સુધી ટ્રેનના સંચાલન માટે પણ મુશ્કેલી ઊભી થઈ શકે તેમ હોવાનું જાણવા મળે છે. બીજી તરફ નવા રેલવે ટ્રેકનું લેવલ એટલું ઊંચું કરવામાં આવ્યું છે કે તે જૂના બિલ્ડિંગની છતના સ્તર સુધી પહોંચી ગયું છે. પરિણામે જૂના બિલ્ડિંગનો વ્યવહારિક ઉપયોગ પણ થઈ શકે તેવી સ્થિતિ રહી નથી.



મુસાફરોની અવરજવર માટે રેલવે સ્ટેશન ખાતે અંડરપાસ બનાવવાનું આયોજન છે અને તેની સીડી પણ જૂનું બિલ્ડિંગ દૂર કરવામાં આવે તો તે જગ્યાએ જ બનાવી શકાય તેમ છે. આ તમામ સ્થિતિ વચ્ચે રેલવે તંત્રએ જૂના બિલ્ડિંગને સંપૂર્ણ તોડી પાડવાને બદલે હાલમાં અડચણરૂપ ભાગમાંથી ૪ મીટર જેટલો હિસ્સો દૂર કરવાનો નિર્ણય લીધો છે. આ કામગીરીમાં ઓસરીનો ભાગ તોડી પાડવામાં આવશે, જ્યારે રૂમનો ભાગ યથાવત રાખવામાં આવશે. પરંતુ આટલું કર્યા બાદ પણ અંદાજે ૨ મીટર જેટલો ભાગ રેલવેની કામગીરીમાં નડતરરૂપ રહેતો હોવાનું સામે આવ્યું છે.

ત્યારે સવાલ એ ઊઠી રહ્યો છે કે જો રેલવેના નિયમ મુજબ પાટાથી ૬.૫ મીટર સુધી બાંધકામ રાખી શકાય તેમ નથી અને જૂના બિલ્ડિંગનો ઉપયોગ પણ શક્ય રહ્યો નથી, ઉપરાંત અંડરપાસની સીડી માટે પણ આ જગ્યા જરૂરી છે, તો પછી બિલ્ડિંગનો માત્ર ૪ મીટર ભાગ તોડીને બાકીનો ભાગ યથાવત રાખવાનો નિર્ણય શા માટે લેવામાં આવ્યો છે? રેલવેની આવી ઢીલી નીતિના કારણે ભવિષ્યમાં ફરીથી બાંધકામ તોડવાની કે યોજનામાં ફેરફાર કરવાની સ્થિતિ સર્જાય તેવી શક્યતા વચ્ચે આ નિર્ણય ચર્ચાનો વિષય બન્યો છે.

**જૂનું બિલ્ડિંગ યથાવત રાખવાના પ્રયાસથી વિકાસકાર્ય અટવાશે**

અમરેલી રેલવે સ્ટેશનના જૂના બિલ્ડિંગને બચાવવા માટે અગાઉ કેટલાક લોકો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. તેના કારણે લાંબા સમય સુધી બિલ્ડિંગ તોડવું કે યથાવત રાખવું તે અંગે નિર્ણય થઈ શક્યો નહોતો. હવે રેલવે દ્વારા વચલો રસ્તો અપનાવી માત્ર ૪ મીટર ભાગ તોડવાનો નિર્ણય લેવાયો છે, પરંતુ તેનાથી પણ સંપૂર્ણ અડચણ દૂર થતી ન હોવાથી આ નિર્ણય કેટલો વ્યવહારુ છે તે અંગે સવાલ ઊઠ્યો છે.

**બિલ્ડિંગ રાખવા સામે કોઈ વાંધો નથી પણ બ્રોડગેજમાં કોઈ અડચણ ન જોઈએ**

આ મુદ્દે અમરેલી મિશન બ્રોડગેજ સમિતિના પ્રમુખ રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું કે, અમે પહેલા આ બિલ્ડિંગ રાખવાના પક્ષમાં જ હતા અને માગણી પણ કરી હતી પણ સ્થળ પર નિરીક્ષણ બાદ આ બિલ્ડિંગ અડચણરૂપ છે અને તે પડયા વગર બ્રોડગેજ આવે તેમ નથી કે વિકાસ થાય તેમ નથી જે માટે બિલ્ડિંગ પાડવું પડે તેમ હોય તો પાડવું જોઈએ પણ બ્રોડગેજ ટ્રેનના સંચાલનમાં કોઈપણ પ્રકારની અડચણ ન આવવી જોઈએ એવો અમારો સ્પષ્ટ મત છે.

**ગામડાઓમાં આધુનિક રેલવે સ્ટેશન બની ગયા પણ જિલ્લા મથકમાં કોઈ સુવિધા નહી**

અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ખીજડીયા જંકશન, ચિત્તલ વગેરે તેમજ તાલુકામાંથી કોઈ આવેલા સાવરકુંડલા અને રાજ્યના રેલવે સ્ટેશન એશિયા લેવલના અમૃત સ્ટેશન બની ગયા અને તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે પરંતુ જિલ્લા મથક અમરેલીના નવા બનેલા રેલવે સ્ટેશનમાં પણ નાનકડી એવી ગામડાની પ્રાથમિક શાળામાં હોય તેવું નાનકડો બાંધકામ છે અને બીજી કોઈ ખાસ સુવિધાઓ નથી. જો બિલ્ડીંગ પાડવા માટેનો નિર્ણય અગાઉથી લેવામાં આવ્યો હોત તો તે મોકાની જગ્યા ઉપર ખૂબ સારું રેલવે સ્ટેશન બની શક્યું હોત પરંતુ તંત્રની ઢીલી નીતીના કારણે હજુ સુધી અમરેલીનો વિકાસ રૂંધાયો છે.

## અમરેલી સિટીમાં બે જગ્યાએથી ૧૧ અને રાજુલામાંથી ૩ જુગારી ઝબ્બે

અમરેલી, તા. ૦૩

અમરેલી સિટીમાં બે જગ્યાએથી ૧૧ અને રાજુલામાંથી ૩ મળી કુલ ૧૪ જુગારીઓ ઝડપાયા હતા. તેમની પાસેથી કુલ રૂ. ૪૬,૧૧૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.અમરેલીમાં જગુ પુલ પાસે વરૂડી ગામ જવાના રોડ પરથી સંજયભાઈ હરિભાઈ ગોહિલ, વિજયભાઈ અરવિંદભાઈ મકવાણા તથા બિપીનભાઈ હિંમતભાઈ વસાવડા જાહેર જગ્યામાં પૈસા-પાના વડે હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ. ૨૪,૭૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.અમરેલીમાં હનુમાનપરા રોડ પર, ગુણાતીતનગર સોસાયટી પાછળ ખુલ્લામાં જાહેરમાં જુગાર રમતા સૈયરાજભાઈ ઉર્ફે સયલુભાઈ લખુભાઈ વાળા, ઉમેદભાઈ જગુભાઈ ધાધલ, જયેશભાઈ જયંતીભાઈ સખેસરીયા, સુરેશભાઈ બચુભાઈ ચિત્રોડા, ભીમભાઈ હરસુરભાઈ તીતોસા, મહેન્દ્રભાઈ ભીખુભાઈ ડાંગર, જીતેન્દ્રભાઈ કાનજીભાઈ ચૌહાણ તથા મહેશભાઈ વલકુભાઈ વાળા રોકડ રકમ રૂ. ૧૭,૦૨૦ સાથે પકડાયા હતા. જ્યારે રાજુલામાંથી બહાદુર કાદરશા કનોજીયા, કિશોરભાઈ ભાણાભાઈ પરમાર તથા અરવિંદભાઈ બાબુભાઈ સાંખટ તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૪,૩૯૦ સાથે રેડ દરમિયાન ઝડપાયા હતા.

**કુલ રૂ. ૪૬,૧૧૦ નો મુદ્દામાલ જપ્ત**

## એબીવીપીના વિરોધ બાદ અમરેલી કમાણી સાયન્સ કોલેજમાં જુનો સમય યથાવત

અમરેલી,તા.૦૩



અમરેલીની કમાણી સાયન્સ કોલેજમાં BCA વિભાગના ક્લાસનો સમય બદલવાના નિર્ણયનો વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવ્યો હતો. અગાઉ સવારે ૮થી બપોરે ૧ વાગ્યાનો સમય બદલીને સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી કરવામાં આવ્યો હતો. જેના કારણે વિદ્યાર્થીઓને આવનજાવન, કોચિંગ અને અન્ય અભ્યાસમાં મુશ્કેલી પડી રહી હતી. રજૂઆતો છતાં નિર્ણય ન લેવાતા ABVP દ્વારા વિરોધ અને આંદોલનની ચીમકી આપવામાં આવી હતી. વિરોધ પહેલા કોલેજ મેનેજમેન્ટ અને ABVPના હોદ્દેદારો વચ્ચે બેઠક યોજાઈ હતી. ચર્ચા બાદ વિદ્યાર્થીઓની માંગ સ્વીકારી BCA વિભાગનો જૂનો સમય ફરી યથાવત રાખવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી.

## સાવરકુંડલાના ખડસલી પાસે ટાયર ફાટતા કાર વડના ઝાડ સાથે અથડાઈ

સાવરકુંડલા,તા.૦૩



સાવરકુંડલા-વીજપડી સ્ટેટ હાઈવે પર ખડસલી નજીક ફરી એક અકસ્માતની ઘટના સામે આવી છે. ફોરવ્હીલ વાહનનું અચાનક ટાયર ફાટતા ચાલક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી બેઠો હતો.

ત્યારબાદ વાહન રસ્તાની બાજુમાં આવેલ વડના ઝાડ સાથે જોરદાર અથડાયું હતું. અકસ્માતમાં વાહનને ભારે નુકશાન થયુ હોવાનું જાણવા મળ્યુ છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ સ્થળે અગાઉ પણ અનેક અકસ્માતો બની ચુક્યા છે. જોખમી વળાંક અને રસ્તાની એકદમ નજીક આવેલું વડનું ઝાડ અકસ્માત માટે જવાબદાર હોવાનું લોકો જણાવી રહ્યા છે. અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે વાહનચાલકોમાં ચિંતા જોવા મળી રહી છે.

## ચલાલામાં શહેર ભાજપ દ્વારા ગુરુ રવિદાસજીની જન્મજયંતિની ઉજવણી

ચલાલા, તા.૦૩



ગુરુપૂર્ણિમાના દિવસે ચલાલામાં શહેર ભાજપ દ્વારા ભીમનાથ મહાદેવ મંદિરમાં સમાજ સુધારક, સમરસ સમાજના પ્રણેતા સંત શિરોમણી ગુરુ રવિદાસજીની વિશેષ જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. આ તકે રવિદાસજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ સહુએ આંબાના પાન પર દીપ પ્રગટાવી દીપમાળાની આરતી ઉતારી હતી. આ પ્રસંગે બગસરા શહેર ભાજપના સંગઠન પ્રભારી તથા વક્તા પ્રકાશભાઈ કારીયાએ સંત ગુરુ રવિદાસજીના જીવન, સમાનતા, માનવતા, ભક્તિ, સામાજિક સમરસતા અને રાષ્ટ્રનિર્માણ માટેના તેમના અમૂલ્ય યોગદાન વિશે જણાવ્યું હતું. ભીમનાથ મહાદેવ મંદિરના મહંત પૂજ્ય મહિપતબાપુના માર્ગદર્શનમાં નરેશબાપુ ગોસાઈએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, જયંતીભાઈ પાનસુરીયા, બાલાબાપુ દેવમોરારી, જયરાજભાઈ વાળા, ભયલુભાઈ વાળા, હિંમતભાઈ દોંગા, ડૉ. દેવકુભાઈ વાળા, ભરતભાઈ સોલંકી, યુવા ભાજપના પ્રદીપભાઈ હિરપરા સિધ્ધાર્થભાઈ ભગત, વનરાજભાઈ જેબલીયા વગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી ભયલુભાઈ વાળાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## લીલીયાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં સ્વચ્છતા ઝુંબેશનો થયો પ્રારંભ

લીલીયા,તા.૦૩



લીલીયા મોટા સ્થિત સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ દ્વારા તા. ૧ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન વિશેષ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. કોલેજ કેમ્પસને સંપૂર્ણ સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવાના હેતુથી વિવિધ પ્રકારની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યકક્ષાના કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને રમતગમતનું મેદાન, શૈક્ષણિક ભવનો, પીવાના પાણીની ટાંકીઓ તેમજ સમગ્ર પરિસરની સઘન સફાઈ કરવામાં આવી રહી છે. ઝુંબેશના પ્રથમ તબક્કામાં કેમ્પસમાંથી એકત્ર થયેલા કચરાનું યોગ્ય રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. જૈવિક કચરામાંથી સેન્દ્રીય ખાતર બનાવવાની પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી છે જ્યારે પ્લાસ્ટિક કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરીને પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ બનાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કોલેજના એનસીસી, એનએસએસ અને ઈકો ક્લબના વિદ્યાર્થીઓ તથા સ્વયંસેવકો ઉત્સાહપૂર્વક અભિયાનમાં જોડાયા છે. આગામી દિવસોમાં નિયમિત સફાઈ, વૃક્ષોની જાળવણી અને પર્યાવરણ સંરક્ષણ અંગે વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને નાગરિકોને સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવી છે. કચરો નિર્ધારિત સ્થળે જ નાખવો, જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાવવી તેમજ પોતાના કાર્યસ્થળ અને શૈક્ષણિક પરિસરને સ્વચ્છ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.










શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા, ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખની હાજરીમાં

# અમરેલીમાં BAPS મંદિર ખાતે નશામુક્ત યુવા અભિયાનનો પ્રારંભ

અમરેલી,તા.૦૩

અમરેલી ખાતે BAPS સ્વામિનારાયણ મંદિરમાં ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલયના સહયોગથી "નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત" અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના યુવાઓને સંબોધન કરી નશામુક્ત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં કોઠારી સંત પૂ. સાધુચરિત સ્વામી, શિક્ષણ મંત્રી પ્રધ્યુમનભાઈ વાજા તથા ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિ રહી હતી. "ચલો તોડ દે યે બંધન" વિડિયો શોના માધ્યમથી



વ્યસનમુક્તિનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. સાધુચરિત સ્વામીએ વ્યસન છોડીને સમાજસેવામાં જોડાવા અપીલ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ BAPS સંસ્થાના વ્યસનમુક્તિ અભિયાનની પ્રશંસા કરી અને યુવાનોને નશાથી દૂર રહી વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં આશરે ૩૦૦ યુવક-યુવતીઓએ 'MyBharat' પોર્ટલ પર ઈ-પ્રતિજ્ઞા લઈ નશામુક્ત રહેવાનો સંકલ્પ કર્યો અને ઈ-સર્ટિફિકેટ પણ મેળવ્યા હતા.

**૩૦૦ જેટલા યુવક-યુવતીઓએ ઇ-પ્રતિજ્ઞા લઈ વ્યસનમુક્ત સમાજના નિર્માણનો સંકલ્પ કર્યો**

# અમરેલી નગરપાલિકા દ્વારા વિવિધ સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ

અમરેલી,તા.૦૩

આગામી ૧૫ ઓગસ્ટે અમરેલી ખાતે યોજાનાર રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને અનુલક્ષીને અમરેલી નગરપાલિકા દ્વારા શહેરવ્યાપી વિશેષ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ઝુંબેશ અંતર્ગત બસ સ્ટેશન, રેલવે સ્ટેશન રોડ અને આસપાસના વિસ્તારોમાં સઘન સફાઈ કરવામાં આવી હતી. જાહેર સ્થળોએથી



કચરો દૂર કરી રસ્તાઓને સ્વચ્છ બનાવાયા હતા. શહેરને સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા નગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી ચાલુ રાખવામાં આવશે. નગરજનોને સ્વચ્છતા જાળવવા અને નગરપાલિકાને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# અમરેલીમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગ ત્રાટકી, રૂ.૧.૭૧ લાખની કરી ચોરી

અમરેલી, તા. ૦૩

અમરેલીમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગે રહેણાંક મકાનને નિશાન બનાવી રૂ. ૧.૭૧ લાખની ચોરી કરતા ચકચાર મચી ગઈ છે. આ અંગે વિશાલભાઈ રસિકભાઈ સાવલિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના સગા મામા હિમાંશુભાઈ તથા બિમલભાઈના રહેણાંક મકાનમાં મોઢે બુકાની અને ચડ્ડી-બનિયાન બાંધેલા ત્રણ અજાણ્યા તસ્કરોએ દીવાલ કૂદીને ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. ચોર ઈસમોએ રહેણાંક મકાનના તાળા તોડી બિમલભાઈના ઘરના મંદિર તેમજ તિજોરીમાંથી આશરે ૧૦ તોલા સોનાના દાગીના, ૬૦૦ ગ્રામ ચાંદી અને રૂ. ૧૫,૦૦૦ રોકડા મળી કુલ રૂ. ૧,૭૧,૦૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# સા.કુંડલાના થોરડી ગામે ચાર-પાંચ દિવસમાં પૈસા આપી દઈશ કહેતાં ધમકી આપતા ફરિયાદ

**લોખંડના પાઇપ વડે ઘા મારી ઇજા પહોંચાડી**

સાવરકુંડલા, તા. ૦૩

સાવરકુંડલાના થોરડી ગામે "ચાર-પાંચ દિવસમાં પૈસા આપી દઈશ" તેમ કહેતાં વૃધ્ધને ધમકી આપવામાં આવી હતી, તેમજ લોખંડના પાઈપ વડે ઘા મારી ઈજા પહોંચાડી હતી. આ અંગે અબ્દુલભાઈ બચુભાઈ મહિડા (ઉં.વ. ૭૦)એ જાબાળ ગામે રહેતા પોપટભાઈ નારણભાઈ સોહલા તથા તેમના દીકરા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અબ્દુલભાઈએ પોપટભાઈ સોહલા પાસેથી રૂ. ૫,૦૦૦ ઉછીના લીધા હતા. આ પૈસાની આરોપીઓ ઉઘરાણી કરવા આવતાં, તેમણે પોતાની પાસે અત્યારે પૈસા ન હોવાથી "ચાર-પાંચ દિવસમાં પૈસા આપી દઈશ" તેમ જણાવ્યું હતું. જેથી આરોપીઓએ ઉશ્કેરાઈને ગાળો આપી હતી અને તેમની ભેંસ લઈ જવાનું કહ્યું હતું. અબ્દુલભાઈએ ભેંસ લઈ જવાની ના પાડતાં અને પોપટભાઈનો દીકરો ભેંસ લઈ જતો હોય ત્યારે વચ્ચે પડતાં, બંને આરોપીઓએ તેમને ઢીંકાપાટુનો માર માર્યો હતો. આરોપીઓએ અબ્દુલભાઈને માથાના ભાગે તેમજ હાથ અને પગ પર લોખંડના પાઈપ વડે ઘા મારી ઈજા કરી હતી અને ઉછીના આપેલા પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ભૂલથી એસિડ પીનારી બાબરકોટ ગામની પરિણીતાનું સારવારમાં મોત

**પાણીયારે રાખેલ શરબતને બદલે ઉતાવળમાં એસીડ પી લીધુ હતુ**

જાફરાબાદ, તા.૦૩

ભૂલથી એસિડ પીનારી બાબરકોટ ગામની પરિણીતાનું સારવારમાં મોત થયું હતું. બનાવ અંગે વડેરા ગામે રહેતા જીવાભાઈ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, દયાબેન ભરતભાઈ મકવાણા (ઉ.વ.૨૨) એ પોતાના સાસરીયામાં ઘરકામ કરતી વખતે ઉતાવળમાં ભૂલથી શરબતના બદલે પાણીયારે રાખેલી એસિડની બોટલમાંથી એસિડ પી લેતા લાંબી સારવાર બાદ મોત થયું હતું.

# રાજુલામાં ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૦૩

ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ રાજુલા આયોજિત સમસ્ત બાબરિયાવાડ પ્રજાપતિ સમાજનો ૨૯ મો ઈનામ વિતરણ અને વાલી સંમેલન કાર્યક્રમ ડો. મેહુલભાઈ ટાંકના અધ્યક્ષ સ્થાને માધવ ફાર્મ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં જ્ઞાતિના આગેવાનો, આમંત્રિત મહેમાનો, દાતાઓ અને સમસ્ત



બાબરીયાવાડ પ્રજાપતિ સમાજના ૧૦૦૦ થી વધુ ભાઈઓ બહેનો હાજરી આપી હતી. ધોરણ ૧ થી ૧૨ તથા ડિગ્રી કોર્સના ૩૫૦ થી વધારે વિદ્યાર્થીઓને ઈનામ અને શીલ્ડ આપીને સન્માન કરવામાં આવ્યા. આ કાર્યક્રમ ભોજન સમારંભના દાતા ઘનશ્યામભાઈ પરમારના માધવ ફાર્મમાં રાખેલું જેમાં પ્રમુખ પરેશભાઈ પરમાર શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્ઞાતિની બાળાઓ સ્વાગતગીત અને રાસ રજુ કર્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા કેળવણી મંડળના બધા સભ્યો ખૂબ જહેમત ઉઠાવ્યા હતા. અંતમાં મંત્રી મહેશભાઈ વાઘેલા આભાર માનીને કાર્યક્રમ પૂરો કર્યો.

# જાફરાબાદ કોલેજમાં મુંશી પ્રેમચંદ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરાયા

જાફરાબાદ, તા.૦૩

સરકારી કલા અને વાણિજ્ય કોલેજ જાફરાબાદના હિન્દી વિભાગ તરફથી ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ મહાન કથાસમ્રાટ મુંશી પ્રેમચંદ જયંતિ નિમિત્તે એક વિશેષ કાર્યક્રમ આયોજન કરેલું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓ પ્રેમચંદના જીવન, સાહિત્ય અને સામાજિક ચેતના પર પોતાના વિચારો રજૂ



કર્યો હતા. તેમણે જણાવ્યું કે પ્રેમચંદનું સાહિત્ય આજનું સમાજ માટે પણ ખૂબ પ્રેરણાદાયક છે. ત્યારબાદ હિન્દી વિભાગના સહાયક પ્રાધ્યાપક ડૉ. શુભમ સિંહ તેમણે પ્રેમચંદના સાહિત્યિક યોગદાન, ગ્રામ્ય જીવન, ગરીબી, શોષણ અને સ્ત્રીજીવનના વિવિધ પરિમાણો પર વિસ્તૃત ચર્ચા કરી. તેમણે ગોદાન, ગબન, નિર્મલા અને ઈદગાહ જેવી અમર કૃતિઓનું સાહિત્યિક મહત્વ પણ સમજાવ્યા. કોલેજના પ્રાચાર્ય પ્રો. વિરલકુમાર શીલુના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં તમામ પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજરી આપીને પ્રેમચંદને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ છઠ્ઠ
તા.૦૪-૦૮-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૪૩,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૮-૨૦૨૬ મંગળવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહઃ આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિધ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશીર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# ચલાલા શહેરમાં પર્યાવરણ પર ભાર મુકવા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ચલાલા, તા.૦૩

ચલાલાના સ્ટેશન રોડ પર પર્યાવરણના જતન અને હરિયાળા ચલાલાના નિર્માણના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંચાલકો નરેશભાઈ બકસરિયા અને મનોજભાઈ બકસરિયાએ વધી રહેલા પ્રદૂષણ અને ગરમી સામે વૃક્ષોનું મહત્વ સમજાવી



દરેક વેપારીને પોતાની દુકાન પાસે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ભઈલુભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ ગુલવાણી, મથુરભાઈ ભુવા, ભોલુભાઈ સરવૈયા અને તેજસભાઈ ગોસાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ સામાજિક પહેલને બિરદાવી હતી. અંતે, સૌએ "એક દુકાન એક વૃક્ષ"ના અભિયાનને જનઆંદોલન બનાવી સ્વચ્છ અને હરિયાળું ચલાલા બનાવવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૨૭ શરાબીઓ ઝડપાયા

અમરેલી, તા. ૦૩

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળોએથી ૨૭ શરાબીઓને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ સિવાય જિલ્લામાં એક મહિલા સહિત છ લોકો પાસેથી ૨૩ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. ઉપરાંત, ખાંભાના ડેડાણ ગામે પટેલપરાથી રાયડી જવાના રસ્તેથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ પણ પકડાઈ હતી.

# અમરેલીમાં હાર્ટ એટેકથી યુવકનું મોત

અમરેલી, તા. ૦૩

અમરેલી શહેરમાં એક યુવાનનું હાર્ટ એટેકથી અકાળે મોત નિપજ્યું હતું. ધીરુભાઈ નારણભાઈ રાણપરીયા (ઉં.વ.૭૫) એ આપેલી માહિતી મુજબ, તેમના પુત્ર વિપુલભાઈ ધીરુભાઈ રાણપરીયા (ઉં.વ.૪૫)ને રાત્રે ઊંઘમાં જ હાર્ટ એટેક આવી જતાં તેમનું અવસાન થયું હતું. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. કે. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સોંદરડા ગામના પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો

નાગેશ્રી, તા. ૦૩

સોંદરડા ગામના પાટીયા પાસે ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અંગે હાલ ખેડબ્રહ્મા ખાતે રહેતા મૂળ ઉનાના આશીષકુમાર નાથાલાલ કુહાડીયા (ઉં.વ.૪૫)એ મોટરસાઈકલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, તેઓ પોતાની ફોર-વ્હીલર લઈને ખેડબ્રહ્માથી વતન ઉના જઈ રહ્યા હતા. તે વખતે ટીંબી ગામથી આગળ સોંદરડા ગામના પાટીયા પાસે હાઈવે રોડ પરના વળાંકમાં પહોંચતાં, સામેથી એક મોટરસાઈકલ ચાલક રોંગ સાઈડમાં પૂર્ણ ઝડપે અને બેફિકરાઈથી મનુષ્યનું જીવન જોખમાય તે રીતે વાહન ચલાવીને આવ્યો હતો અને તેમની કારની જમણી બાજુના દરવાજા સાથે અકસ્માત સર્જ્યો હતો. ત્યારબાદ તે રોડની વચ્ચે આવેલા ડીવાઈડર (પાળી) નજીક જઈને પટકાયો હતો.

અકસ્માત બાદ ઘટના અંગે નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્ન અને નિકાહ યોજાયા

અમરેલી, તા.૦૨

અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા કોમી એકતાના પ્રતીક રૂપે સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન અને સમૂહ નિકાહ સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત રેન્જ ફોરેસ્ટ ઓફિસર શાંતિભાઈ રાણવાના પ્રમુખસ્થાને યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન વિવિધ ધાર્મિક અને સામાજિક અગ્રણીઓ દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં લગ્નની ધાર્મિક વિધિ ગોર મહારાજ હાર્દિકભાઈ જોષી દ્વારા અને નિકાહની પવિત્ર વિધિ મૌલાના સૈયદ




અસગરઅલી બાપુ દ્વારા કરાવવામાં આવી હતી. શાંતિભાઈ રાણવા પોતાના જન્મદિવસે આ પ્રસંગના મુખ્ય દાતા તથા ભોજન દાતા રહ્યા હતા. આ કાર્યક્રમમાં આરતીબેન ગોહીલ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સુમન સેવા ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ ગોહિલ અને તેમની ટીમે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## તંત્રી લેખ

# ગુંજ્યો ભારત માતા કી જયનો નાદ: રમતમાંથી રાષ્ટ્રવાદનો ઉદય

સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં યોજાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ભારત માટે ઐતિહાસિક સાબિત થઈ છે. આ ગેમ્સની ૨૩મી આવૃત્તિ અનેક કારણોસર ચર્ચામાં રહી હતી. યજમાન દેશે ખર્ચ ઘટાડવાના હેતુથી શૂટિંગ, કુસ્તી, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી ચાર મહત્વપૂર્ણ રમતોને સ્પર્ધામાંથી બહાર રાખવાનો નિર્ણય લીધો હતો. આ ચાર રમતો ભારત માટે હંમેશા સૌથી સફળ રહી છે અને અત્યાર સુધી ભારતે જીતેલા કુલ મેડલોમાંથી લગભગ અડધાથી વધુ મેડલ આ રમતોમાંથી જ મેળવ્યા હતા. તેથી શરૂઆતમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે આ વખતે ભારતનું પ્રદર્શન નબળું રહી શકે. જોકે ભારતીય ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી તમામ શંકાઓને ખોટી સાબિત કરી દીધી. ગેમ્સના દસમા દિવસે ભારતીય બોક્સરોએ એક જ દિવસમાં સાત સુવર્ણ ચંદ્રકો જીતીને નવો ઈતિહાસ રચ્યો. મહિલા બોક્સર જેસ્મિન લંબોરિયાએ ઉત્કૃષ્ટ રમત દાખવી ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે પ્રીતિ પવારે કેનેડાની પ્રતિસ્પર્ધીને હરાવી ભારતને વધુ એક સુવર્ણ ચંદ્રક અપાવ્યો. અંકુશ પંચાલ સહિત અન્ય યુવા બોક્સરોએ પણ પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યું. મેડલ વિતરણ સમારોહ દરમિયાન ભારતીય ખેલાડીઓના ગળામાં મેડલ પહેરાવવામાં આવ્યા અને પાછળ ગૌરવભેર તિરંગો લહેરાતો જોવા મળ્યો. સમગ્ર સ્ટેડિયમ 'ભારત માતા કી જય'ના નારાથી ગુંજી ઉઠ્યું અને તે ક્ષણ દરેક ભારતીય માટે ગર્વની બની રહી. આ પ્રસંગની વિશેષતા એ પણ હતી કે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને રમતગમત મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ભારતીય બોક્સરોને મેડલ એનાયત કરવામાં આવ્યા. તેમણે આ ગૌરવપૂર્ણ ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરીને લખ્યું કે આ દશ્ય દરેક ભારતીય માટે ગર્વની લાગણી જગાવે છે. ખેલાડીઓને મળતું આવું પ્રોત્સાહન તેમના આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને દેશ તેમના પાછળ મજબૂતીથી ઉભો છે તેવો સંદેશ આપે છે. આ સફળતા માત્ર મેડલ જીતવાની ઘટના નથી, પરંતુ ભારતીય રમતગમતના વિકાસનો મહત્વપૂર્ણ સંકેત પણ છે. એક સમય એવો હતો જ્યારે ભારત થોડાક જ રમતોમાં સફળતા મેળવતું હતું, પરંતુ હવે બોક્સિંગ સહિત અનેક રમતોમાં ભારતીય ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ છોડી રહ્યા છે. ગુજરાતમાં ખેલ મહાકુંભ, આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને રમતગમત માટે વિકસાવવામાં આવેલી સુવિધાઓના કારણે ગ્રામ્ય વિસ્તારોના યુવાનોને પણ પોતાની પ્રતિભા દર્શાવવાની નવી તકો મળી રહી છે. આ જ દિવસે પેરા એથ્લેટિક્સમાં સોમન રાણાએ શોટપુટ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધાર્યું. અગાઉ રાષ્ટ્રીય સ્તરના બોક્સર રહેલા સોમન રાણાએ જીવનમાં નવો માર્ગ પસંદ કરીને ગોળાફેંકમાં સફળતા મેળવી. તેમની સિધ્ધિ એ વાતનો પુરાવો છે કે મજબૂત સંકલ્પ અને સતત મહેનતથી કોઈપણ પડકારને પાર કરી શકાય છે. ગ્લાસગોમાં મળેલી આ ઐતિહાસિક સફળતા ભારતના રમતગમતના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત આપે છે. ભારતીય ખેલાડીઓ જ્યારે વિદેશની ધરતી પર તિરંગો લહેરાવે છે ત્યારે તેઓ માત્ર મેડલ જ જીતતા નથી, પરંતુ સમગ્ર દેશનું ગૌરવ પણ વધારતા હોય છે. જેસ્મિન લંબોરિયા, પ્રીતિ પવાર, અંકુશ પંચાલ અને અન્ય ખેલાડીઓની સફળતા દેશના લાખો યુવાનો માટે પ્રેરણારૂપ બનશે.

# નીટ-પીજી ૨૦૨૬ માં પારદર્શિતા તરફ મોટું પગલું

દેશમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે લેવાતી નીટ પીજી (NEET-PG) પરીક્ષા સૌથી મહત્વપૂર્ણ અને પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. દર વર્ષે લાખો એમબીબીએસ સ્નાતકો એમડી, એમએસ અને અન્ય પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સોમાં પ્રવેશ મેળવવા માટે આ પરીક્ષા આપે છે. આ પરીક્ષા માત્ર એક સ્પર્ધાત્મક પરીક્ષા નથી, પરંતુ હજારો યુવા ડોક્ટરોના કારકિર્દી અને ભવિષ્યનો આધારસ્તંભ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પરીક્ષાના આયોજન, કેન્દ્રોની ફાળવણી, નોર્મલાઈઝેશન પ્રક્રિયા અને સુરક્ષા વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા હતા. વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્રો ખૂબ દૂર મળવા, છેલ્લી ઘડીએ માહિતી જાહેર થવી, બે શિફ્ટમાં પરીક્ષા લેવાતાં ગુણાંકન અંગે અસમાનતા અને ગેરરીતિની આશંકા જેવી અનેક ફરિયાદો કરી હતી. આ તમામ મુદ્દાઓને ગંભીરતાથી ધ્યાનમાં લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે નીટ પીજી ૨૦૨૬ માટે અનેક મહત્વપૂર્ણ સુધારાઓની જાહેરાત કરી છે. આ નવા નિર્ણયોનો સીધો લાભ દેશભરના અંદાજે ૨.૭૩ લાખથી વધુ ઉમેદવારોને મળશે. સરકારનો મુખ્ય હેતુ પરીક્ષાને વધુ પારદર્શક, સુરક્ષિત અને વિદ્યાર્થીમૈત્રી બનાવવાનો છે. સૌથી મહત્વપૂર્ણ નિર્ણય એ છે કે આ વર્ષે નીટ પીજી પરીક્ષા માત્ર એક જ શિફ્ટમાં લેવામાં આવશે. અગાઉ પરીક્ષા બે અલગ-અલગ શિફ્ટમાં યોજાતી હતી. બંને શિફ્ટના પ્રશ્નપત્રોની કઠિનતા સમાન ન રહેવાના કારણે વિદ્યાર્થીઓમાં અસંતોષ જોવા મળતો હતો. નોર્મલાઈઝેશન પધ્ધતિ લાગુ કરવામાં આવતી હોવા છતા ઘણા ઉમેદવારો માનતા હતા કે તેમની મહેનતનું યોગ્ય મૂલ્યાંકન થયું નથી. હવે તમામ ઉમેદવારો માટે એક જ પ્રશ્નપત્ર અને એક જ સમયગાળામાં પરીક્ષા યોજાશે. આ નિર્ણયથી ગુણાંકનની પારદર્શિતા વધશે અને મેરિટ યાદી વધુ વિશ્વસનીય બનશે. સરકારે પરીક્ષાની સુરક્ષા વધારવા માટે આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. હવે દરેક પરીક્ષા કેન્દ્ર પર બાયોમેટ્રિક હાજરી, ફેસ રેકગ્નિશન ટેકનોલોજી અને સીસીટીવી મોનિટરિંગ ફરજિયાત રહેશે. ઉમેદવાર પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરે ત્યારે તેના અંગૂઠાની છાપ અને ફોટાની ચકાસણી કરવામાં આવશે. આ પ્રક્રિયા દ્વારા ડમી ઉમેદવાર અથવા અન્ય કોઈ વ્યક્તિ પરીક્ષા આપે તેવી શક્યતા લગભગ સંપૂર્ણપણે અટકાવી શકાશે. દરેક કેન્દ્ર પર સતત સીસીટીવી દેખરેખ રહેશે અને તમામ પ્રવૃત્તિઓનું રેકોર્ડિંગ કરવામાં આવશે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ અટકાવવા માટે જેમર સિસ્ટમ પણ સ્થાપિત કરવામાં આવશે. પરીક્ષા કેન્દ્રોની ફાળવણીમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ઘણા વિદ્યાર્થીઓને પોતાના રાજ્યથી હજારો કિલોમીટર દૂર કેન્દ્ર ફાળવાતા હતા. પરિણામે મુસાફરી, રહેવાની વ્યવસ્થા અને અન્ય ખર્ચનો મોટો બોજ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પર આવતો હતો. ખાસ કરીને આર્થિક રીતે નબળા અને ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે આ સ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની રહેતી હતી. હવે ઉમેદવારોને





પોતાના રાજ્યને પ્રથમ પ્રાથમિકતા આપવાની સાથે નજીકના ત્રણ રાજ્યોમાંથી પરીક્ષા કેન્દ્ર પસંદ કરવાની તક આપવામાં આવશે. આ વ્યવસ્થાથી વિદ્યાર્થીઓને લાંબી મુસાફરીથી રાહત મળશે અને તેઓ વધુ શાંતિપૂર્વક પરીક્ષાની તૈયારી કરી શકશે. કેન્દ્રોની ફાળવણીમાં

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

પારદર્શિતા જળવાઈ રહે તે માટે કમ્પ્યુટર આધારિત રેન્ડમાઈઝેશન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. અગાઉ કેટલીક ફરિયાદો સામે આવી હતી કે ઓળખાણ અથવા અન્ય પ્રભાવના આધારે કેન્દ્રોમાં ફેરફાર કરવામાં આવતો હતો. હવે કોઈપણ માનવીય હસ્તક્ષેપ વિના કમ્પ્યુટર દ્વારા રેન્ડમ રીતે કેન્દ્ર ફાળવવામાં આવશે. આ નવી વ્યવસ્થા પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. વિદ્યાર્થીઓને વધુ સારી આયોજન સુવિધા મળે તે માટે સરકાર દ્વારા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે પરીક્ષાના ત્રણ અઠવાડિયા અગાઉ જ પરીક્ષા કેન્દ્રની માહિતી જાહેર કરવામાં આવશે. અગાઉ ઘણી વખત છેલ્લી ઘડીએ કેન્દ્ર જાહેર થતાં વિદ્યાર્થીઓને ટ્રેન અથવા ફ્લાઈટની ટિકિટ મોંઘા ભાવે બુક કરાવવી પડતી હતી. રહેવાની વ્યવસ્થા કરવામાં પણ મુશ્કેલી પડતી હતી. હવે સમયસર માહિતી મળવાથી વિદ્યાર્થીઓ સરળતાથી મુસાફરીનું આયોજન કરી શકશે અને વધારાના ખર્ચથી પણ બચી શકશે. આ વર્ષે નીટ પીજી પરીક્ષામાં કુલ ૧૮૦ બહુવિકલ્પીય પ્રશ્નો પૂછવામાં આવશે અને પરીક્ષાના કુલ ગુણ ૭૨૦ રહેશે. પરીક્ષા ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દેશભરના અંદાજે ૩૪૦ શહેરોમાં આવેલા લગભગ ૧,૩૦૦ પરીક્ષા કેન્દ્રો પર યોજાશે. આ વર્ષે આશરે ૨.૭૩ લાખ ઉમેદવારોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષની સરખામણીમાં અંદાજે ૧૨.૫ ટકા વધુ છે. આ વધારો દર્શાવે છે કે દેશમાં ઉચ્ચ તબીબી શિક્ષણ પ્રત્યે યુવાનોનો રસ સતત વધી રહ્યો છે. આ નવા સુધારાઓનો સૌથી મોટો લાભ ગ્રામ્ય વિસ્તારના અને મધ્યમવર્ગીય પરિવારોના વિદ્યાર્થીઓને મળશે. અગાઉ દૂરના શહેરોમાં કેન્દ્ર મળતાં મુસાફરી, હોટેલ, ભોજન અને અન્ય ખર્ચને કારણે હજારો રૂપિયાનો વધારાનો બોજ સહન કરવો પડતો હતો. ઘણી વખત માતા-પિતાને પણ વિદ્યાર્થી સાથે જવું પડતું હોવાથી આર્થિક તેમજ માનસિક તણાવ વધી જતો હતો. હવે નજીકના કેન્દ્રોની સુવિધા મળવાથી આ સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે અને વિદ્યાર્થીઓ વધુ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકશે. સરકાર દ્વારા ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકવાથી પરીક્ષાની વિશ્વસનીયતા પણ વધુ મજબૂત બનશે. બાયોમેટ્રિક ચકાસણી, ફેસ રેકગ્નિશન, સીસીટીવી દેખરેખ અને જેમર જેવી સુવિધાઓ પરીક્ષા દરમિયાન ગેરરીતિની શક્યતાઓને અત્યંત ઓછી કરશે. આથી મહેનતુ વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળશે અને સમગ્ર પરીક્ષા પ્રક્રિયા પ્રત્યે વિશ્વાસ વધશે. આ સુધારાઓ માત્ર વહીવટી ફેરફારો નથી, પરંતુ વિદ્યાર્થીઓના હિતને કેન્દ્રમાં રાખીને લેવામાં આવેલા નિર્ણયો છે. એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાથી ગુણાંકનની અસમાનતા દૂર થશે, નજીકના કેન્દ્રોની પસંદગીથી આર્થિક બોજ ઘટશે, સમયસર કેન્દ્ર જાહેર થવાથી આયોજન સરળ બનશે અને ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થાથી પરીક્ષાની નિષ્પક્ષતા વધુ મજબૂત બનશે. એકંદરે જોવામાં આવે તો નીટ પીજી ૨૦૨૬ માટે જાહેર કરાયેલા સુધારાઓ દેશની પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક, વિશ્વસનીય અને વિદ્યાર્થીકેન્દ્રિત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયો લાખો યુવા ડોક્ટરોને વધુ અનુકૂળ અને નિષ્પક્ષ વાતાવરણમાં પોતાની પ્રતિભા સાબિત કરવાની તક આપશે. જો આ તમામ વ્યવસ્થાઓ અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવશે, તો ભવિષ્યમાં નીટ પીજી પરીક્ષા દેશની સૌથી વિશ્વસનીય અને આધુનિક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સ્થાન મેળવી શકશે. આ સુધારાઓથી માત્ર પરીક્ષા પધ્ધતિ જ મજબૂત બનશે નહીં, પરંતુ દેશના તબીબી શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા અને વિશ્વાસનું નવું અધ્યાય પણ શરૂ થશે.

## શબ્દ સંજોગ-૨૨૪૨



**આડી ચાવી :**
(૧) મહાત્મા ગાંધીના પિતાજી (૫)
(૫) જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
(૮) ધૂળનો કણ (૨)
(૯) દળી નાખવુ તે (૩)
(૧૧) લાગ, મોકો (૨)
(૧૨) ગરદન (૨)
(૧૩) બળદની એકધારી વેગવાળી ચાલ (૩)
(૧૫) અભણ વ્યક્તિ માટે વપરાતો વ્યંજન (૧)
(૧૬) સમુદ્રમાં એક જાતના જીવડાએ બનાવેલુ ઘર (૩)
(૧૮) ક્ષમા, શાંતિ (૨)
(૨૦) હવા, પવન (૨)
(૨૧) ચામડી, ચામડું (૨)
(૨૨) કૂમળુ, મુલાયમ (૩)
(૨૪) ગાવા નાચવાનો ધંધો કરનાર (૪)
(૨૭) ઉપનિષદોમાં પ્રસિધ્ધ એવી બ્રહ્મવાદિની સ્ત્રી (૨)
(૨૮) ઝીણા પાંદડા (૨)
(૩૦) દાઝયા પર ન દેવાય (૨)
(૩૨) સોગટા વડે રમાતી એક બાજી (૩)
(૩૪) હલકુ, નાનુ (૨)
(૩૫) માલખી ઉંચકનાર (૩)
(૩૬) આ કોઈનીયે રાહ જોવા ઉભી રહેતી નથી (૨)

**ઉભી ચાવી :**
(૧) આંગળીએ ચાલવાનો સોના રૂપાનો વીંટલો (૩)
(૨) ધોબી (૩)
(૩) સુખડનું ઝાડ કે લાકડું (૩)
(૪) પાંદડું, સૈન્ય (૨)
(૬) કાપા કાપી, ખૂનકેજી (૩)
(૭) "નવ કરશો કોઈ.... રસિકડા..."(૨)
(૧૦) 'તમે સાજા...તો છોને ?'
(૧૪) એક કઠોળ (૨)
(૧૬) દસ લાખ (૩)
(૧૮) માટીનું કોડિયુ (૩)
(૧૯) બાળભાષામાં ચાવણુ (૨)
(૨૧) લક્ષણ, એંધાણ (૨)
(૨૩) ઘોડાને બાંધેલી હાંકનારના હાથમાં રહેતી દોરી (૩)
(૨૫) અંત, છેડો (અ) (૨)
(૨૬) ઉનનું એક જાતનં પાથરણુ (૩)
(૨૯) પ્રસિધ્ધ પ્રાચીન વૈદકશાસ્ત્રી (૩)
(૩૦) મડદાને બાળવા લઈ જનાર (૨)
(૩૧) અગ્નિની સ્ત્રી (૨)
(૩૩)......ના પારખા ન હોય (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૧ જવાબ

**આડી ચાવી:** (૧) આંતરિક (૪) ભારખાનું (૬) તર (૭) મનિષા (૮) રફતાર (૧૦) શરત (૧૨) કદર (૧૩) સવા (૧૪) દશા (૧૭) નલ (૨૦) લિપિ (૨૨) નાથ (૨૪) સદૈવ (૨૫) નીર (૨૬) તરફેણ (૨૮) જળો (૨૯) વેંત (૩૦) ભાણ.
**ઉભી ચાવી:** (૧) આંતરડું (૨) તરફ (૩) કમર (૪) ભાષા (૫) ખાતર (૯) તાઈવાન (૧૦) શરદ (૧૧) તર્જ (૧૨) કલા (૧૫) શાલિની (૧૬) સનાતન (૧૮) લસણ (૧૯) માવજત (૨૧) પિરસાણ (૨૩) થર (૨૭) ફેણ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૯૨૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૧૦ |
| જુવાર પીળી | ૪૬૧ | ૫૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૧૦૬૧ | ૧૨૪૬ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૩૪ |
| અડદ | ૧૪૦૦ | ૧૯૨૫ |
| મગ | ૧૧૨૦ | ૧૭૧૯ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૩૫ |
| તલી | ૧૮૩૫ | ૨૫૭૫ |
| એરંડા | ૧૩૫૦ | ૧૪૧૫ |
| અજમો | ૧૮૦૦ | ૨૬૭૫ |
| સોયાબીન | ૧૨૪૦ | ૧૩૩૭ |
| સીંગફાડા | ૧૪૫૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૭૪૪ |
| લસણ | ૧૦૮૧ | ૨૧૨૧ |
| ધાણા | ૨૮૫૦ | ૨૯૭૦ |
| ધાણી | ૨૭૦૦ | ૨૮૯૦ |
| રાય | ૧૩૬૦ | ૧૮૫૪ |
| મેથી | ૯૬૦ | ૧૬૮૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૬૨૬ |
| રાયડો | ૧૨૫૦ | ૧૫૧૨ |
| ઈસબગુલ | ૧૦૫૦ | ૧૭૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૧૬ | ૮૩૧ |
| બટેટા | ૧૨૫ | ૪૬૧ |
| ડુંગળી સુકી | ૯૫ | ૩૧૦ |
| ટમેટા | ૩૧૧ | ૫૨૬ |
| સુરણ | ૭૭૫ | ૯૬૬ |
| કોથમરી | ૧૦૨૫ | ૧૪૩૫ |
| રીંગણા | ૭૧ | ૧૯૩ |
| કોબીજ | ૨૬૫ | ૪૨૧ |
| ફ્લાવર | ૩૮૪ | ૬૯૩ |
| ભીંડો | ૭૦૯ | ૧૧૩૪ |
| ગુવાર | ૮૨૪ | ૧૬૧૩ |
| ચોળાસીંગ | ૫૫૪ | ૯૩૯ |
| ટીંડોળા | ૩૫૫ | ૭૧૧ |
| દુધી | ૩૦૫ | ૫૧૮ |
| કારેલા | ૪૧૮ | ૭૭૬ |
| સરગવો | ૬૩૩ | ૧૨૨૬ |
| તુરીયા | ૫૮૧ | ૯૫૪ |
| પરવર | ૭૭૯ | ૧૧૮૫ |
| કાકડી | ૪૩૭ | ૮૫૪ |
| બીટ | ૩૧૧ | ૫૨૧ |
| મેથી | ૧૬૬૩ | ૨૦૨૭ |
| ડુંગળી લીલી | ૬૧૪ | ૯૬૫ |
| આદુ | ૧૪૨૫ | ૨૯૮૦ |
| મરચા લીલા | ૬૮૦ | ૯૯૫ |
| મકાઇ લીલી | ૨૪૧ | ૪૨૮ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૧ | ૧૮૧૧ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૨ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૨૬ |
| સિંગદાણા જાડા | ૧૪૫૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૪૦૬ |
| તલ લાલ | ૨૩૬૧ | ૨૪૬૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૪૦૨૧ |
| કલંજી | ૨૬૦૧ | ૩૬૪૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૫૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૦૦૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૫૩૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૯૫૧ |
| રાય | ૧૭૪૧ | ૧૭૪૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૦૧ |
| કાંગ | ૧૧૧ | ૬૪૧ |
| સુરજમુખી | ૮૯૧ | ૮૯૧ |
| ગુવાર બી | ૯૬૧ | ૯૬૧ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૬૫૧ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૮૮૧ |
| તલ - તલી | ૧૮૭૧ | ૨૬૪૧ |
| ધાણી | ૨૯૫૧ | ૩૦૪૧ |
| બાજરો | ૨૭૧ | ૪૯૧ |
| જુવાર | ૮૦૦ | ૧૨૦૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૪૧ |
| મગ | ૫૦૧ | ૧૭૯૧ |
| ચણા | ૧૦૭૧ | ૧૨૬૧ |
| વાલ | ૬૦૧ | ૧૧૩૧ |
| ચોળા / ચોળી | ૩૭૬ | ૧૨૨૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૩૫૬ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૦૧ |
| વટાણા | ૪૩૧ | ૬૭૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૨૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૨૦ | ૩૩૦ |
| ગ્રૂણ | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૬ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૬૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૫ | ૧૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૦૩૫ |
| તલ સફેદ | ૧૯૬૫ | ૨૬૭૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૯૦૦ |
| તલ કાશમીરી | ૨૪૭૦ | ૨૪૭૦ |
| બાજરો | ૪૨૦ | ૫૫૦ |
| જુવાર | ૯૫૦ | ૧૨૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૦ |
| મકાઈ | ૪૧૫ | ૫૫૦ |
| મગ | ૧૧૮૦ | ૧૩૭૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૭૦ |
| ચણા દેશી | ૧૨૧૫ | ૧૨૧૫ |
| સફેદ ચણા | ૯૩૦ | ૧૧૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૦૫૫ | ૧૯૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૭૦૫ | ૩૮૧૦ |
| ધાણી | ૨૮૩૦ | ૩૧૪૦ |
| અજમા | ૧૫૫૦ | ૨૫૩૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૩૭૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૬૦ |
| ગાજર | ૬૦૦ | ૬૯૦ |
| દુધી | ૪૧૦ | ૪૮૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૭૨૦ | ૮૩૦ |
| કાકડી | ૫૨૦ | ૭૮૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૯૨૦ | ૩૦૫૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૮૫૦ | ૯૭૦ |
| ટીંડોરા | ૬૮૦ | ૭૮૦ |
| બીટ | ૪૦૦ | ૫૨૦ |
| સરગવો | ૯૯૦ | ૧૧૯૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૪૫૦ | ૨૬૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીબુ | ૩૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૨૫ | ૧૪૬૧ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૨૦૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૨ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૬૪૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૫૦ |
| કપાસ | ૧૬૧૧ | ૧૮૭૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૪૭૦ | ૫૨૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૯૦ |
| મગ | ૧૪૫૦ | ૧૫૨૯ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| એરડી | ૧૨૫૦ | ૧૩૩૦ |
| મેથી | ---- | ૧૩૭૦ |
| ધાણા | ૨૮૦૦ | ૩૧૦૦ |
| સોયાબીન | ---- | ૧૪૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૦૫ | ૫૩૫ |
| ચણા | ૧૧૩૫ | ૧૨૧૫ |
| તુવેર | ૧૩૪૫ | ૧૩૪૫ |
| દાણા | ૧૭૦૦ | ૨૦૫૦ |
| ધાણા | ૨૭૮૦ | ૨૭૮૦ |
| કાળા તલ | ૧૫૫૦ | ૨૫૧૦ |
| બાજરો | ૩૫૦ | ૪૬૫ |
| મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૧૨૮૦ | ૧૨૮૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉ લોકવન | ૪૦૦ | ૫૨૮ |
| તુવેર | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ધાણા | ૨૦૦૦ | ૩૦૩૦ |
| તલ સફેદ | ૧૯૪૦ | ૨૪૦૦ |
| શીંગદાણા | ૧૨૩૫ | ૧૯૫૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૮ |
| ચણા | ૧૧૨૫ | ૧૨૦૦ |
| જુવાર | ૪૮૦ | ૪૮૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૨૦૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૩૭૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૯૫ |
| જીરૂ | ૩૨૬૦ | ૩૨૬૦ |
| કલોંજી | ૧૮૧૦ | ૧૮૧૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૫૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૩૫૪૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૨૩૦ |
| ઘઉ | ૫૧૧ | ૫૩૭ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૯૨૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૧ |
| બાજરો | ૨૫૦ | ૨૫૦ |
| જુવાર | ૬૦૧ | ૬૦૧ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૧ | ૧૨૩૬ |
| અડદ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૬૧ |
| મગફળી | ૬૫૧ | ૧૨૪૧ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૧૮૯૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૯૧ |
| એરંડા | ૧૧૯૧ | ૧૧૯૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૯૬ |
| મેથી | ૮૦૧ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૮૭૬ | ૩૮૭૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૨૮૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૩૭૪ | ૧૪૦૦ |
| શીંગ ૩૨ | ૧૨૭૨ | ૧૨૭૨ |
| શીંગ ૩૯ | ૧૧૪૨ | ૧૧૪૨ |
| શીંગ જી-૨૦ | ૭૨૬ | ૧૪૨૫ |
| એરંડા | ૧૧૯૦ | ૧૩૮૦ |
| જુવાર | ૪૪૮ | ૧૨૦૬ |
| બાજરી | ૩૭૫ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૮૫ |
| મેથી | ૧૨૩૫ | ૧૩૭૨ |
| રાય | ૧૯૦૦ | ૧૯૦૦ |
| મગ | ૧૨૫૫ | ૧૫૫૦ |
| ધાણા | ૨૬૮૫ | ૩૧૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૪૨ |
| તલ સફેદ | ૧૮૮૦ | ૨૫૩૦ |
| તલ કાળા | ૧૭૮૦ | ૩૧૭૬ |
| તુવેર | ૯૦૦ | ૧૨૨૫ |
| અજમાં | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૫૬ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૨૨૨ |
| નાળીયેર | ૬૭૫ | ૨૩૦૫ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૪૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૮૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૧૪ |
| અડદ | ૧૩૦૦ | ૧૯૫૧ |
| મગ | ૧૪૫૦ | ૧૯૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૬ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૬૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૯૯૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૮૧ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૭૦ |
| રજકો | ૫૦૦૦ | ૯૯૭૫ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૧૧૦૦ | ૧૧૮૦ |
| બાજરી | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૩૦ |
| એરંડા | ૧૩૫૭ | ૧૩૬૨ |
| તલી | ૨૦૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૫૪૦ |
| લસણ | ૮૦૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૯૫ |
| અજમો | ૨૨૩૦ | ૩૪૬૫ |
| અજમાની ભૂસી | ૬૫ | ૨૫૦૦ |
| ધાણા-ધાણી | ૨૦૪૦ | ૨૯૫૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૨૦ |
| ડુંગળી નાસિક | ૪૫૦ | ૬૦૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૨૨૨૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૯૫ |
| તલ કાળા | ૨૭૯૫ | ૩૩૦૦ |
| બાજરો | ૪૧૨ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૨૩ | ૫૩૭ |
| જુવાર | ૪૯૫ | ૧૨૨૬ |
| મગ | ૧૧૫૧ | ૧૨૫૧ |
| અડદ | ૧૭૦૧ | ૧૭૮૧ |
| તુવેર | ૧૧૨૩ | ૧૪૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૨૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૩૮૭ | ૧૩૮૭ |
| રાય | ૧૪૫૧ | ૧૪૫૧ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૯૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### ધારી પત્રકાર સંઘ-અમરેલી બ્રોડગેજ કમિટી દ્વારા

# અમરેલી-વિસાવદર બ્રોડગેજ માટે કલેકટરને આવેદન

અમરેલી,તા.૦૩

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધાની માંગને લઈને ધારી પત્રકાર સંઘ, અમરેલી બ્રોડગેજ કમિટી અને જાગૃત નાગરિકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. રાજકમલ ચોક ખાતે ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ પ્રતિનિધિમંડળ કલેક્ટર કચેરી પહોંચ્યું અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને સંબોધિત આવેદનપત્ર રજૂ કર્યું. ત્યારબાદ સાંસદ ભરતભાઈ સુતરીયાના કાર્યાલયે પહોંચેલા પ્રતિનિધિમંડળે તેમની ગેરહાજરીમાં પીએને આવેદનપત્ર સુપરત કર્યું. બાદમાં ડો. કાનાબાર સાથે મુલાકાત કરી બ્રોડગેજ યોજના



વહેલી તકે મંજૂર થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. ધારી પત્રકાર સંઘે આ મુદ્દે બિનરાજકીય અભિયાન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. આગામી સપ્તાહે ધારી તાલુકા પંચાયત ચોકથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવશે. સંઘે જણાવ્યું કે અમરેલી, ધારી, ચલાલા અને વિસાવદર વિસ્તારને બ્રોડગેજ સુવિધા મળવી સમયની જરૂરીયાત છે.

**આગામી સપ્તાહે ધારી અને વિસાવદરમાં રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવાની જાહેરાત**

# થરાદની નર્મદા કેનાલમાં જમાઈએ કદકો મારતા બચાવવા જતા સાળા-સસરાનો મોત

થરાદ,તા.૦૩

થરાદ વિસ્તારમાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલ સ્થાનિક લોકો માટે જોખમી સાબિત થઈ રહી છે. કેનાલની બંને બાજુ સુરક્ષા માટે તાર ફેન્સિંગ બનાવવાની માંગ વર્ષોથી ઉઠી રહી છે, છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. ચૂંટણી દરમિયાન કરાયેલા વચનો પણ અમલમાં આવ્યા નથી, જેના કારણે અવારનવાર દુર્ઘટનાઓ સર્જાઈ રહી છે. તાજેતરમાં ૨ ઓગસ્ટની સાંજે થરાદના જમડા પુલ નજીક એક હૃદયદ્રાવક ઘટના બની હતી. અગમ્ય કારણોસર એક યુવકે કેનાલમાં ઝંપલાવતાં તેને બચાવવા તેના બે



સાળા અને સસરાએ પણ પાણીમાં છલાંગ લગાવી હતી. ચારેયને તરતાં આવડતું ન હોવાથી તેઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જો કે જમાઈ અને એક સાળાને બચાવી લેવામાં આવ્યો હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી છે. સ્થાનિક લોકોએ કેનાલ પર તાત્કાલિક સુરક્ષા ફેન્સિંગ, ચેતવણી બોર્ડ અને બચાવની વ્યવસ્થા ઉભી કરવાની માંગ સાથે તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો છે.

# હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી દ્વારા સોનગઢની ત્રણ શાળાઓનું ખાતમુહૂર્ત

મહુવા,તા.૦૩

આંતરરાષ્ટ્રીય હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદીએ સોમવારે ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સોનગઢની મફતપરા શાળા, પાલડીની સ્વામી અખંડાનંદ માધ્યમિક શાળા અને માટેલની અનુદાનિત શાળાના ખાતમુહૂર્ત કર્યા હતા. ઉર્મિસરોજ ચેરીટેબલ ટ્રસ્ટ અને દલાલ ફેમિલી ફાઉન્ડેશન દ્વારા શાળાઓના નવા શૈક્ષણિક ભવન બનાવવામાં આવશે. આ



પ્રસંગે નિવૃત્ત નાયબ નિયામક આર. એસ. ઉપાધ્યાય, અજય જોષી, કેળવણી નિરીક્ષક ઉલવા, હાસ્યકલાકાર ધરમ વાકાણી, બિલ્ડર અજય શુક્લ, શાળા સ્ટાફ, વિદ્યાર્થીઓ અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

# થાનગઢમાં વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠક યોજાઈ

**અમરેલી જિલ્લા સહિત વિવિધ હોદ્દાઓની જાહેરાત, સંગઠન મજબૂત બનાવવા પર ભાર**

અમરેલી,તા.૦૩

થાનગઢ ખાતે આવેલા જોગ ધ્યાનપુરા આશ્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન સંગઠનના વિસ્તરણ, આગામી કાર્યક્રમો તેમજ વિવિધ સંગઠનાત્મક વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્ર પ્રાંત અને અમરેલી જિલ્લાની નવી જવાબદારીઓની જાહેરાત કરવામાં આવી હતી. પ્રાંત સત્સંગ સંયોજિકા તરીકે રમીલાબેન પટોળીયાની નિમણૂક કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા સહમંત્રી તરીકે રશ્મિનભાઈ ત્રિવેદી, મનુભાઈ અસલાલીયા અને ગોરધનભાઈ ગેડીયા, ઉપાધ્યક્ષ તરીકે રવિરાજભાઈ શેખવા, ઉપાધ્યક્ષા તરીકે ડો. ગોપીબેન રાઠોડ તેમજ વિશેષ સંપર્ક પ્રમુખ ઈતેશભાઈ મહેતા, વિધિ પ્રકોસ્ટ યુવરાજભાઈ પલવાર, દુર્ગા વાહિની સયોજિકા ગોપીબેન ચાવડા, દુર્ગા વાહિની સહ સયોજીકા હિરલબા વાળા સહિત અન્ય વિવિધ હોદ્દાઓ પર નિમણૂકો જાહેર કરાઈ હતી. નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવી સંગઠનના ધ્યેયોને વધુ વેગ આપવા શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ સેવા, સંસ્કાર, સમરસતા અને હિન્દુ સમાજના હિતના કાર્યોને વધુ ગતિશીલ બનાવવા તમામ કાર્યકર્તાઓએ સમર્પિત ભાવથી કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ઘોઘાના બાંભણીયા ગામે ખેડૂત પરિવાર પર હુમલા બાદ આવેદન

ભાવનગર,તા.૦૩

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના બાંભણીયા ગામે સરકારી માપણીના સાધનો જમીનમાં મૂકવા મુદ્દે ઉશ્કેરાયેલા ટોળાએ ખેડૂત પરિવાર પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ થયો છે. પીડિત પરિવારે રાજકીય દબાણ હેઠળ ખોટી સામી ફરિયાદ નોંધાઈ હોવાનો આરોપ લગાવી ભાવનગર એસપી અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું



હતું. પાટીદાર સમાજના આગેવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ સાથે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# સુરતમાં બ્રેઈનડેડ ૭૬ વર્ષીય વડીલના અંગદાનથી ત્રણ જરૂરિયાતમંદોના જીવનમાં નવી આશા જાગી

સુરત,તા.૦૩

સુરતના ૭૬ વર્ષીય મનુભાઈ લાલજીભાઈ ડોબરીયા બ્રેઈનડેડ જાહેર થતાં તેમના પરિવરે દુઃખના સમયમાં પણ એક મોટો નિર્ણય લીધા હતા. ૩૧ જુલાઈના રોજ તેઓ અચાનક બેભાન થઈ ગયા હોવાથી તેમને ૧૦૮ વડે કાપોદ્રાની પી.પી. માણિયા હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.



તબીબી ટીમે સઘન સારવાર આપ્યા બાદ પણ તેઓને બ્રેઈનડેડ જાહેર કરી દીધા હતા. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રયાસોથી તેમના ધર્મપત્ની અને પુત્રો-પુત્રીઓએ અંગદાન માટે પોતાની સંમતિ આપ્યા હતા.મનુભાઈના એક હાથ કિરણ હોસ્પિટલ અને બંને ચક્ષુઓ લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા સ્વીકારવામા આવ્યું હતું. આ દાનથી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન અને નવી દૃષ્ટિ મલી રહેશે. રાજ્યના મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા એ દાતા પરિવારને સાંત્વના પાઠવીને આ કાર્યને સમાજ માટે ખૂબ જ પ્રેરણારૂપ ગણાવ્યા હતા.

# રાજકોટમાં હાઈકોર્ટ બેન્ચ સ્થાપવા સાંસદ રૂપાલા અને ધારાસભ્ય ટીલાળાને રજૂઆત

રાજકોટ,તા.૦૩

રાજકોટ ખાતે ગુજરાત હાઈકોર્ટની સર્કિટ બેન્ચ સ્થાપવા માટે રાજકોટ બાર એસોસિએશન અને રેવન્યુ બાર એસોસિએશન દ્વારા સાંસદ પરસોતમભાઈ રૂપાલા તથા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાને રજૂઆત કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર-કચ્છના નાગરિકોને અમદાવાદ સુધી



જવું ન પડે અને સમય તથા નાણાંનો બચાવ થાય તે હેતુથી આ માગણી કરાઈ છે. સાંસદ રૂપાલાએ દિલ્હી અને રાજ્ય કક્ષાએ યોગ્ય રજૂઆત કરવાની ખાતરી આપી હતી, જ્યારે ધારાસભ્ય ટીલાળાએ પણ સકારાત્મક અભિગમ દાખવ્યો હતો. આ પ્રસંગે સુમિતભાઈ વોરા, દિલીપભાઈ પટેલ, રમેશભાઈ કથીરિયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલમાં લોહાણા સમાજની બહેનોએ નાગપાંચમની ભવ્ય ઉજવણી કરી

ગોંડલ,તા.૦૩

ગોંડલમાં સમસ્ત લોહાણા સમાજની બહેનો દ્વારા દર વર્ષની પરંપરા મુજબ અષાઢ વદ નાગપાંચમનો પર્વ શ્રધ્ધા અને ભક્તિ સાથે ઉજવાયો હતો. મહિલાઓએ આગલા દિવસે મગ, ચણા અને બાજરો પલાળવાની પરંપરા નિભાવી હતી. બીજા દિવસે નાગદાદાની સ્થાપના કરાયેલા સ્થળે વિધિવત પૂજન કરી પલાળેલા મગ,



ચણા અને બાજરો પ્રસાદ તરીકે અર્પણ કર્યા હતા. અનેક બહેનોએ ટાઢું જમી એક ટાણું તેમજ ઉપવાસનું પાલન કર્યુ હતુ. ગોંડલના જલારામ મંદિરે મોટી સંખ્યામાં મહિલાઓ એકત્ર થઈ નાગપૂજન કર્યુ અને ધાર્મિક ભાવનાથી પૌરાણિક કથાનું શ્રવણ કર્યુ હતુ.

# ભેંસાણના ડમરાળા ગામના યુવાનોએ કરી હરિયાળી માટે અનોખી પહેલ

ભેંસાણ,તા.૦૩

ભેસાણ તાલુકાના ડમરાળા ગામના બે યુવાનોના વિચારથી શરૂ થયેલી હરિયાળી અભિયાન આજે સમગ્ર ગામની જનભાગીદારીનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યું છે. ગામના યુવાનો અને ગ્રામજનોએ માત્ર ત્રણ દિવસમાં ૧,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી છે.



વૃક્ષારોપણ દ્વારા હરિયાળો વિસ્તાર ઉભો કરવાની સાથે અબોલ જીવ-પક્ષીઓને પણ સુરક્ષિત આશરો મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગામના લોકોમાં પણ આ અભિયાનને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પહેલ અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બની છે.


**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.: ૮૧ / ૨૦૨૬ તા.૨૨/૦૭/૨૦૨૬

શ્રી જયસુખભાઈ મચ્છાપરી ગોસાઈ,
રહે. વેકરીયા, તા. વિસાવદર

........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી,વેકરીયા, તા. વિસાવદર

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી જયસુખભાઈ મચ્છાપરી ગોસાઈ, રહે. વેકરીયા, તા. વિસાવદર એ તેમના પિતાશ્રી મચ્છાપરી મહાદેવપરી ગોસાઈ નુ તા.૨૦/૧૦/૧૯૭૫ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે અવસાન થયેલ છે જેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | | હુકમથી |
|---|---|---|
| સહી. | કોર્ટનો સિક્કો | સહી. |
| (એન.જી.ધાંધલ્યા) | | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |



**જી.અમરેલી, તા.લાઠીના મોજે ગામ અકાળાનાં ખેડ ખાતા નં. ૩૫નાં રે.સ.નં. ૩૪૮ / ૪ વાળી ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામ ને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. લાઠી, મોજે ગામ અકાળાના ખેડ ખાતા નં. **૩૫** નાં રે.સ.નં. **૩૪૮ / ૪** નાં કુલ હે.આરે.**૧-૧૫-૩૪** ચો.મી. જેનો આકાર રૂા.**૪-૬૨** પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન **(૧) જસાણી કૈલાસબેન પરશોતમભાઈ (૨) જસાણી દક્ષાબેન પારશોતમભાઈ (૩) જસાણી વિજયભાઈ પરશોતમભાઈ**ની સંયુકત માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મીલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મીલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી, શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત હિસ્સો, ભરણપોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૭(સાત) માં અમારી ઓફીસે લેખીતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો(Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મિલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા-વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૦૩/૦૮/૨૦૨૬

ઓફીસ:–શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,
જુની શાકમાર્કેટ સામેનાં ખાંચામાં,
મુ.લાઠી, તા. લાઠી,
જી. અમરેલી–૩૬૫૪૩૦

**અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી**
**અમારી મારફત**
**ચંદ્રેશ પી.તુરખીયા**
**(તે ખરીદનારના એડવોકેટ)**



**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.: ૮૦ / ૨૦૨૬ તા.૨૨/૦૭/૨૦૨૬

શ્રી જયસુખભાઈ મચ્છાપરી ગોસાઈ,
રહે. વેકરીયા, તા. વિસાવદર

........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી,વેકરીયા, તા. વિસાવદર

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી જયસુખભાઈ મચ્છાપરી ગોસાઈ, રહે. વેકરીયા, તા. વિસાવદર એ તેમના માતાશ્રી સમરતબેન મચ્છાપરી ગોસાઈ નુ તા.૧૭/૦૨/૧૯૯૫ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે અવસાન થયેલ છે જેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | | હુકમથી |
|---|---|---|
| સહી. | કોર્ટનો સિક્કો | સહી. |
| (એન.જી.ધાંધલ્યા) | | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |



**જી.અમરેલી, તા.સાવરકુંડલાના મોજે ગામ ઘોબાનાં ખેડ ખાતા નં. ૭૧૩નાં (૧)રે.સ.નં. ૨૦૦ પૈકી ૪ / પૈકી ૧ (૨) રે.સ.નં. ૨૦૦ પૈકી ૪ / પૈકી ૨ (૩) ૨૦૦ પૈકી ૪ / પૈકી ૩ વાળી ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામ ને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. સાવરકુંડલા, મોજે ગામ **ઘોબા**ના ખેડ ખાતા નં. **૭૧૩**નાં (૧) રે.સ.નં. **૨૦૦ પૈકી ૪/ પૈકી ૧** નાં કુલ હે. આરે. **૧-૩૭-૫૯** ચો.મી. જેનો આકાર રૂા. **૭-૨૦** પૈસા (૨) રે.સ.નં. **૨૦૦ પૈકી ૪/ પૈકી ૨** નાં કુલ હે. આરે. **૧-૩૭-૫૯** ચો.મી. જેનો આકાર રૂા. **૭-૨૦** પૈસા (૩) રે.સ.નં. **૨૦૦ પૈકી ૪/ પૈકી ૩** નાં કુલ હે. આરે. **૧-૩૭-૬૦** ચો.મી. જેનો આકાર રૂા. **૭-૨૦** પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન **વિઠાણી કોમલબેન કિશોરભાઈ** પૈકીની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મીલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી, શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત હિસ્સો, ભરણપોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં અમારી ઓફીસે લેખીતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો(Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મિલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા-વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

**સ્થળ: લાઠી**
**તારીખ: ૦૩/૦૮/૨૦૨૬**

ઓફીસ:–શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,
જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી
મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા. લાઠી,
જી. અમરેલી–૩૬૫૪૩૦

**અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી**
**અમારી મારફત**
**ચંદ્રેશ પી.તુરખીયા**
**(તે ખરીદનારના એડવોકેટ)**

# બાંકીપુર અને દતિયા પેટાચૂંટણીમાં ભાજપને ફટકો પડ્યો, જન સૂરજ અને કોંગ્રેસની જીત

નવી દિલ્હી,તા.૦૩




બિહારની બાંકીપુર વિધાનસભા પેટાચૂંટણીમાં જન સૂરજ પક્ષના પ્રશાંત કિશોરે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર નિરજ સિંહાને ૧૮,૯૫૩ મતોના માર્જિનથી હરાવીને મોટી જીત નોંધાવી છે. ભાજપના નેતા નીતિન નવીન રાજ્યસભામાં ચૂંટાયા બાદ આ બેઠક ખાલી પડી હતી. છેલ્લા ૩૧ વર્ષ અને નવ ચૂંટણીઓથી આ બેઠક પર ભાજપનું વર્ચસ્વ હતું, પરંતુ પ્રશાંત કિશોરના આક્રમક પ્રચાર અને જનસંપર્કે સ્થિતિ બદલી નાખી. આ પરિણામોમાં આરજેડી ત્રીજા સ્થાને સરકી ગઈ છે, જ્યારે જન સૂરજના કાર્યકરોમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો.

બીજી તરફ, મધ્યપ્રદેશની દતિયા વિધાનસભા પેટાચૂંટણીમાં પણ શાસક પક્ષ ભાજપને મોટો આંચકો લાગ્યો છે. અહીં કોંગ્રેસના ઉમેદવાર ઘનશ્યામ સિંહે ભાજપના આશુતોષ તિવારીને ૬,૦૨૫ મતોથી પરાજય આપ્યો છે. ભાજપે છેલ્લી ક્ષણે નરોત્તમ મિશ્રાની ટિકિટ રદ કરીને આશુતોષ તિવારીને આપતા સમર્થકોમાં ભારે નારાજગી હતી, જેની અસર પરિણામો પર સ્પષ્ટ દેખાઈ છે.

# લોકસભામાં ચર્ચા વિના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવાનું બિલ પસાર

નવી દિલ્હી,તા.૦૩



લોકસભાએ સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારો બિલ, ૨૦૨૬ ને ચર્ચા વિના પસાર કરી દીધું છે.

આ નવા કાયદા હેઠળ મુખ્ય ન્યાયાધીશ સિવાય સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વર્તમાન ૩૩ થી વધારીને ૩૭ કરવાની જોગવાઈ છે. આ વર્ષના મે મહિનામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા બહાર પાડવામાં આવેલા વટહુકમના સ્થાને કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે આ બિલ રજૂ કર્યું હતું. અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટમાં ૯૨,૦૦૦ થી વધુ પેન્ડિંગ કેસોના બેકલોગને ઘટાડવા અને ન્યાયિક પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. કાર્યવાહી દરમિયાન વિપક્ષના હોબાળા વચ્ચે ભારતીય આંકડાકીય સંસ્થા બિલ અને બેંકર્સ બુક સિક્યોરિટી બિલ પણ રજૂ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, સ્પીકરે ભારતીય રમતવીરોની સફળતા અને ૨૦૩૦ ની કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવા અંગે માહિતી આપી હતી.

# વિદ્યાર્થી નેતા દેવેન્દ્રનાથ મહતો પરીક્ષા રદ કરવાની માંગ સાથે અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઉતર્યો

રાંચી,તા.૦૩

ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (JPSC) દ્વારા લેવાયેલી ૧૪મી સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષામાં કથિત ગેરરીતિઓ સામે આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતોએ સોમવારે રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે ખોરાક અને પાણીનો ત્યાગ કરીને અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ શરૂ કરી છે. પરિણામો જાહેર થયા બાદ સતત વિરોધ પ્રદર્શન, રાજ્યપાલને મુલાકાત અને મુખ્યમંત્રીને પુરાવા સોંપવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં આ પગલું ભરવામાં આવ્યું છે.

તેમની મુખ્ય માંગ JPSC ૧૪મી પીટી પરીક્ષા તાત્કાલિક રદ કરવાની અને સંબંધિત એજન્સી દ્વારા લેવાયેલી તમામ પરીક્ષાઓની નિષ્પક્ષ તપાસ કરવાની છે. માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની તેમણે ચેતવણી આપી છે.

# અમરેલીમાં પ્રતિકાર સંમેલનમાં જીગ્નેશ મેવાણીના સરકાર પર પ્રહાર, ૭૨ કલાકનું અલ્ટીમેટમ

અમરેલી,તા.૦૩



અમરેલીમાં યોજાયેલા અનુસૂચિત જાતિ પ્રતિકાર સંમેલનમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. અનુસૂચિત જાતિના લોકો પર થઈ રહેલા કથિત અન્યાય, ટોચ મર્યાદાની જમીનોના પ્રશ્નો અને સાંથલી ગામની જમીન સહિતના મુદ્દાઓને લઈને તેમણે તંત્ર સામે સખત વલણ અપનાવ્યું હતું. સંમેલન બાદ મેવાણી "જય ભીમ" અને "વંદે માતરમ"ના નારાઓ વચ્ચે અમરેલી એસપી કચેરીએ પહોંચ્યા હતા, જ્યાં તેમની એસપી સાથે બંધ બારણે બેઠક યોજાઈ હતી. બાદમાં મીડિયાને સંબોધતા તેમણે જણાવ્યું કે કોસ્ટોડિયલ ડેથના કેસમાં ૧૦ વર્ષથી ન્યાય ન મળવો અને જમીનના પ્રશ્નો ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે તંત્રને ૭૨ કલાકનું અલ્ટીમેટમ આપતાં ચેતવણી આપી કે પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ૧૫ ઓગસ્ટે અમરેલીમાં હજારો લોકો સાથે આવી મુખ્યમંત્રી સમક્ષ સવાલો ઉઠાવશે. સાથે જ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પણ આ મુદ્દે જાહેરમાં જવાબ આપવા પડકાર ફેંક્યો હતો.

# પપ્પુ યાદવનું નાટક અયોગ્ય, રામ મંદિર ચોરી સાથે સંતોને લેવાદેવા નથી: રામ ગોપાલ યાદવ

નવી દિલ્હી,તા.૦૩




રામ મંદિરમાં દાન ચોરીના મુદ્દે સંસદ પરિસરમાં પપ્પુ યાદવ દ્વારા ભગવા વસ્ત્રો પહેરી કરાયેલા શેરી નાટકને સપા સાંસદ રામ ગોપાલ યાદવે ખોટું ગણાવ્યું છે.

તેમણે સ્પષ્ટ કર્યું કે દાન ચોરીનો મુદ્દો ગંભીર છે અને તે સંસદમાં ઉઠાવાશે, પરંતુ તેમાં સંતોને જોડવા અયોગ્ય છે. બીજી તરફ, રાહુલ ગાંધી અને પપ્પુ યાદવ સહિતના વિપક્ષી નેતાઓ સામે સનાતન સંસ્કૃતિ અને સંતોનું અપમાન કરવા બદલ ભાજપ સાંસદ બાંસુરી સ્વરાજ તેમજ વારાણસીમાં સંતો દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# નવી દિલ્હીના ઉસ્માનપુરમાં મકાનની છત તૂટી પડતાં દંપતીનું કરુણ મોત


નવી દિલ્હી,તા.૦૩



ઉત્તરપૂર્વ દિલ્હીના ન્યૂ ઉસ્માનપુર વિસ્તારમાં આવેલી જેપી નગરમાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. ભાડાના એક માળના મકાનમાં અચાનક છતનો સ્લેબ તૂટી પડતાં કાટમાળ નીચે દટાઈ જવાથી ૩૨ વર્ષીય ટિંકુ અને તેમની ૩૦ વર્ષીય પત્ની ઉર્મિલાનું ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. આ ઘટના સમયે ઘરમાં હાજર રહેલા તેમના પુત્રનો આબાદ બચાવ થયો હતો. સ્થાનિકો અને ફાયર બ્રિગેડની ટીમે કાટમાળ હટાવી બંનેને બહાર કાઢ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. દરમિયાન, દિલ્હીના રાજૌરી ગાર્ડનમાં ચાર માળની રહેણાંક ઈમારતના ભોંયરામાં આગ લાગવાની અન્ય એક ઘટના બની હતી. આગ અને ધુમાડો ફેલાતાં જ ઈમારતમાં ફસાયેલી બે મહિલાઓ અને એક ત્રણ વર્ષની બાળકીએ સાડીનું દોરડું બનાવી બીજા માળેથી નીચે ઉતરીને અકલ્પનીય રીતે પોતાનો જીવ બચાવ્યો હતો. ફાયર બ્રિગેડે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

# ભારતની સૌથી મોટી તાકાત તેના યુવાનો છે, રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે : મનોજ સિન્હા

શ્રીનગર,તા.૦૩



જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જણાવ્યું કે ભારતની સૌથી મોટી તાકાત તેની યુવા વસ્તી છે. દેશની અંદાજે ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે, ત્યારે ૧૫ થી ૨૯ વર્ષના આશરે ૩૭ કરોડ યુવાનો રાષ્ટ્રના વિકાસમાં સક્રિય યોગદાન આપવા આતુર છે. તેમણે યુવાનોને દેશના નિર્માણમાં સહભાગી થવા અને ડ્રગ્સ જેવા સામાજિક દૂષણોથી દૂર રહેવા હાકલ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલી શરૂ કરાયેલા ૧૦૦ સપ્તાહના 'ડ્રગ-મુક્ત યુવા ફોર એ ડેવલપ્ડ ઈન્ડિયા સંકલ્પ અભિયાન' પ્રસંગે તેઓ સંબોધન કરી રહ્યા હતા.

મનોજ સિન્હાએ ભારપૂર્વક જણાવ્યું કે આ કાર્યક્રમ માત્ર સરકારી અભિયાન નથી, પરંતુ નશા મુક્તિ માટેનું જન આંદોલન છે. જમ્મુ-કાશ્મીરમાં ડ્રગ્સ સામે હાથ ધરાયેલી કામગીરીની વિગતો આપતાં તેમણે ઉમેર્યું કે અત્યાર સુધીમાં આશરે ૨,૩૦૦ FIR નોંધી ૨,૬૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૧,૫૦૦ કિલોગ્રામ ડ્રગ્સ જપ્ત કરાયું છે. નાર્કો-આતંકવાદ અને તસ્કરીમાં સંકળાયેલા તત્વોની રૂ. ૨૦૦ કરોડની મિલકતો ટાંચમાં લેવા સાથે અનેક વાહન નોંધણી અને લાયસન્સ રદ કરવામાં આવ્યા છે. ડ્રગ-મુક્ત સમાજનું નિર્માણ એ સરકાર અને સમાજની સહિયારી જવાબદારી છે.

# રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા બ્રિજભૂષણ સિંહને જાતીય સતામણી કેસમાં મુક્ત કરાયા

નવી દિલ્હી,તા.૦૩



મહિલા કુસ્તીબાજો દ્વારા લગાવવામાં આવેલા કથિત જાતીય સતામણીના કેસમાં ભારતીય કુસ્તી મહાસંઘના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ અને ભૂતપૂર્વ સહાયક સચિવ વિનોદ તોમરને રાઉઝ એવન્યુ કોર્ટે નિર્દોષ જાહેર કરીને મોટી રાહત આપી છે. બંને પક્ષોની અંતિમ દલીલો અને લેખિત રજૂઆતો સાંભળ્યા બાદ અદાલતે આ મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. દિલ્હી પોલીસે ૨૦૨૩માં મહિલા ખેલાડીઓની ફરિયાદના આધારે જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શન બાદ ચાર્જશીટ દાખલ કરી હતી.

કોર્ટના આ ચુકાદા બાદ બ્રિજભૂષણ શરણ સિંહે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેઓ પ્રથમ દિવસથી જ નિર્દોષ હતા અને આજે અદાલતે તેમને સન્માનપૂર્વક દોષમુક્ત કર્યા છે.

# પંજાબ કોંગ્રેસમાં જૂથવાદ : ચરણજીત ચન્નીના સમર્થકોએ કાર્યક્રમમાં નારાબાજી કરી

ચંદીગઢ,તા.૦૩

આવતા વર્ષે યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં આંતરિક કલહ ફરી સામે આવ્યો છે. પટિયાલા અને સંગરુરમાં આયોજિત પક્ષના કાર્યક્રમો દરમિયાન ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીના સમર્થકોએ પંજાબ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વારિંગના ભાષણ સમયે ભારે નારાબાજી કરી હતી. પ્રદેશ પ્રભારી ભૂપેશ બઘેલની હાજરીમાં બનેલી આ ઘટનાથી પક્ષમાં જૂથવાદ ખુલ્લો પડી ગયો છે. ચન્નીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવાની માંગ સાથે કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો હતો. આ હોબાળા વચ્ચે પ્રદેશ પ્રભારી ભૂપેશ બઘેલે સ્પષ્ટ કર્યું છે કે મુખ્યમંત્રી પદનો નિર્ણય ચૂંટણી બાદ હાઈકમાન્ડ કરશે. સાથે જ પક્ષમાં કોઈપણ પ્રકારની અનુશાસનહીનતા ચલાવી લેવામાં નહીં આવે તેવી કડક ચેતવણી પણ આપવામાં આવી છે.

# કોકરોચ જનતા પાર્ટીની પાંચ ઓગસ્ટે છત્રપતિ સંભાજીનગરમાં કોર કમિટીની બેઠક યોજાશે

લખનૌ,તા.૦૩




અભિજિત દિપકેના નેતૃત્વ હેઠળના ઓનલાઈન આંદોલન 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ની કોર કમિટીની મહત્વપૂર્ણ બેઠક ૫ ઓગસ્ટે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર ખાતે યોજાશે. દિલ્હીના જંતર-મંતર પર નીટ પેપર લીક સામે એક મહિના સુધી ચાલેલા સફળ વિરોધ પ્રદર્શન બાદ યોજાનારી આ બેઠકમાં સભ્યો અને કાર્યકરો એકઠા થઈને સંગઠનના ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરશે. આ બેઠક દરમિયાન પાર્ટી સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે કે નહીં તે અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. બેઠક બાદ યોજાનારી પ્રેસ કોન્ફરન્સમાં ભાવિ કાર્ય યોજના જાહેર કરવામાં આવશે. અભિજિત દિપકેએ સ્પષ્ટ કર્યું છે કે આંદોલનનો ઉપયોગ કોઈપણ રાજકીય પક્ષને સરકાર સામે નિશાન બનાવવા માટે નહીં કરવા દેવાય. સંગઠન વિદ્યાર્થીઓ અને યુવાનોના પ્રશ્નો ઉઠાવવા માટે એક સ્વતંત્ર પ્રતિભાવ જૂથ તરીકે કામ ચાલુ રાખશે.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં શાંતિ રેલીમાં આત્મઘાતી વિસ્ફોટ થતા ૧૪ લોકોના મોત

**હજુ સુધી કોઈ આતંકવાદી સંગઠને તેની જવાબદારી સ્વીકારી નથી**

ઈસ્લામાબાદ,તા.૦૩



ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આવેલી સ્વાત ઘાટીના કાબલ શહેરમાં યોજાયેલી શાંતિ રેલી દરમિયાન એક ભયાનક વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટમાં ૧૪ લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક આદિવાસી પરિષદ 'સ્વાત અમેન જિર્ગા' દ્વારા વિસ્તારમાં શાંતિ અને સુરક્ષાની માંગ સાથે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક તપાસ મુજબ આ હુમલો આત્મઘાતી હોવાની આશંકા સેવાઈ રહી છે, જોકે હજુ સુધી કોઈ આતંકવાદી સંગઠને તેની જવાબદારી સ્વીકારી નથી. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને તપાસ શરૂ કરી છે, જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# હમાસ હથિયારો છોડવા નહીં, ગાઝામાં ફરી પગપેસારો કરવા માંગે છે : નેતન્યાહુ

**જ્યાં સુધી હમાસ પોતાના શસ્ત્રો સંપૂર્ણપણે સોંપી ન દે ત્યાં સુધી સૈન્ય ગાઝામાંથી પાછું નહીં હટે : ઈઝરાયેલ**

તહેરાન,તા.૦૩



ઈઝરાયલે હમાસ સાથેના પ્રસ્તાવિત હથિયારો સોંપવાના કરાર અંગે અમેરિકા સમક્ષ પોતાની ગંભીર સુરક્ષા ચિંતાઓ વ્યક્ત કરી છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુધ્ધ વિરામ યોજનાની જાહેરાત બાદ ઈઝરાયલ તરફથી આ પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી છે. ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલયના પ્રવક્તા ડોરોન સ્પીલમેને જણાવ્યું છે કે ગુપ્તચર અહેવાલો મુજબ હમાસ ખરેખર નિઃશસ્ત્રીકરણ ઈચ્છતું નથી, પરંતુ પોતાના લશ્કરી માળખાને ફરીથી મજબૂત કરવા માંગે છે.

ઈઝરાયલે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી હમાસ પોતાના શસ્ત્રો સંપૂર્ણપણે સોંપી ન દે ત્યાં સુધી સૈન્ય ગાઝામાંથી પાછું નહીં હટે. જો શસ્ત્રો સોંપાય તે પહેલાં દળો પાછા ખેંચવામાં આવશે, તો હમાસ ફરીથી સંગઠિત થઈને ૭ ઓક્ટોબર જેવા હુમલાનું પુનરાવર્તન કરી શકે છે. હાલમાં ઈઝરાયલી સૈન્ય ગાઝાના ૬૦ ટકાથી વધુ ભાગ પર નિયંત્રણ ધરાવે છે.

# અમદાવાદના મનપસંદ જીમખાનામાં SMCએ દરોડો પાડતા ૧૮૦થી વધુ જુગારીઓ ઝડપાયા

અમદાવાદ,તા.૦૩

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલા મનપસંદ જીમખાનામાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે મોડી રાત્રે અચાનક દરોડો પાડ્યો હતો. આ જીમખાનામાં લાંબા સમયથી મોટા પાયે જુગાર રમાડવામાં આવતો હોવાની ચોક્કસ બાતમીના આધારે આ ગુપ્ત ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી અને કેટલાક લોકોએ ભાગવાનો નિષ્ફળ પ્રયાસ પણ કર્યો હતો.




આ કાર્યવાહી દરમિયાન SMCએ સ્થળ પરથી ૧૮૦થી વધુ જુગારીઓની અટકાયત કરી છે. તેની સાથે જ લાખો રૂપિયાની રોકડ રકમ, અનેક મોબાઈલ ફોન, વાહનો અને જુગારનું સાહિત્ય કબજે કરવામાં આવ્યું છે. આ સમગ્ર દરોડાની ખાસ બાબત એ છે કે સ્ટેટ મોનિટરિંગ સેલે સ્થાનિક પોલીસને અગાઉથી કોઈ જાણ કર્યા વગર જ આ કાર્યવાહી કરી હતી, જેના કારણે પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. હાલમાં SMC દ્વારા જપ્ત કરાયેલા મોબાઈલ અને દસ્તાવેજોના આધારે તપાસ તેજ કરવામાં આવી છે, જેથી આ જુગારધામના મુખ્ય સંચાલકો અને તેની પાછળ કાર્યરત સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરી શકાય.

# ૮ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યમાં નવી સિસ્ટમથી વરસાદની સંભાવના : અંબાલાલ પટેલ

અમદાવાદ,તા.૦૩

ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન વરસાદી માહોલ જળવાઈ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સાયક્લોનિક સરક્યુલેશન અને મોન્સૂન ટ્રફ સક્રિય હોવાના કારણે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, કચ્છ, મોરબી અને જામનગર જેવા જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાને પગલે યલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરિયામાં સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને બે દિવસ દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે.



બીજી તરફ જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે મોટી આગાહી કરતા જણાવ્યું છે કે રાજ્યમાં ૮ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન નવી સિસ્ટમ સક્રિય થતાં ફરી એકવાર સાર્વત્રિક વરસાદી રાઉન્ડ શરૂ થશે. આ દરમિયાન ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં પડી શકે છે, જેના કારણે તાપી નદીના જળસ્તરમાં પણ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# સજા સામે ચૈતર વસાવા હાઈકોર્ટ પહોંચ્યા, જામીન અરજી પર ૫ ઓગસ્ટે થશે સુનાવણી

અમદાવાદ,તા.૦૩

ધારાસભ્ય ચૈતર વસાવાને ફોરેસ્ટ ઓફિસર પર હુમલો અને હવામાં ફાયરિંગ કરવાના કેસમાં નર્મદા જિલ્લા કોર્ટે ૭ વર્ષની કેદની સજા ફટકારી છે. આ ચુકાદા સામે રાહત મેળવવા માટે ચૈતર વસાવાએ ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. નર્મદા કોર્ટના હુકમ પર સ્ટે આપવા તેમજ જામીન મંજૂર કરવાની માંગ સાથે અરજી દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટ આ




અરજી પર ૫ ઓગસ્ટના રોજ સુનાવણી હાથ ધરશે. હવે કોર્ટના નિર્ણય પર સૌની નજર મંડાઈ છે. જો સ્ટે મળે તો ચૈતર વસાવાને તાત્કાલિક રાહત મળી શકે છે, નહીં તો સજાનો અમલ યથાવત રહી શકે છે.

# ખેડાના ઠાસરા તાલુકાના નેસ ગામે મકાનની દીવાલ ધરાશાયી થતા સાસુ-પુત્રવધૂનું ઉંઘમાં જ કરૂણ મોત

ખેડા,તા.૦૩

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલા નેસ ગામના વાળંદ ફળિયામાં મોડી રાત્રે એક મકાનની કાચી દીવાલ ધરાશાયી થતાં કાળજું કંપાવી દેનારી દુર્ઘટના બની છે. સતત પડી રહેલા વરસાદ અને ભેજના કારણે જર્જરિત થયેલી દીવાલ અચાનક ધડાકાભેર કડી પડી હતી, જેના કાટમાળ નીચે આખો પરિવાર દબાઈ ગયો હતો.



આ હોનારતમાં ઊંઘી રહેલાં સાસુ પુનમબેન વાળંદ અને પુત્રવધૂ સોહમબેન વાળંદનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

ઘટના સમયે ઘરમાં કુલ પાંચ લોકો હાજર હતા, જેમાંથી પુત્ર પ્રવીણભાઈ અને તેમની બે પુત્રીઓ નિશા તથા આરોહીનો આબાદ બચાવ થયો હતો. ઈજાગ્રસ્ત બાળકીઓને તાત્કાલિક સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. સ્થાનિક ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવીને કાટમાળ હટાવી તમામ લોકોને બહાર કાઢ્યા હતા. તંત્ર દ્વારા ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સુરતમાં કિન્નરોના બે જૂથ વચ્ચે જૂની અદાવતમાં છરી વડે જીવલેણ હુમલો

સુરત,તા.૦૩

સુરતના લસકાણા વિસ્તારમાં કિન્નરોના બે જૂથ વચ્ચે જૂની અદાવતને લઈને હિંસક ઘટના સામે આવી છે. અમરોલી વિસ્તારમાં રહેતા અને શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રેડ બેગિંગ કરીને ગુજરાન ચલાવતા ૨૯ વર્ષીય કિન્નર સપનાકુંવર નંદનીકુંવર પર પાંચ જેટલા કિન્નરોએ એકસંપ થઈ જીવલેણ હુમલો કર્યો હતો. મળતી માહિતી મુજબ રેલવે સ્ટેશન પર બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ ઘટનાનો ખાર રાખી આરોપીઓ બાદમાં લસકાણા સ્થિત સપનાકુંવરના ઘરે પહોંચી ગયા અને હુમલો કર્યો હતો. હુમલામાં સપનાકુંવરને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી અને ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદના શાહપુરમાં નકલી વિદેશી દારૂની ફેક્ટરી ઝડપાઈ: ૪ આરોપીઓની ધરપકડ

અમદાવાદ,તા.૦૩

અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલી હલીમની ખડકીમાં પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચે (PCB) દરોડો પાડીને નકલી વિદેશી દારૂ બનાવવાનો પર્દાફાશ કર્યો છે. અહીં સસ્તા દારૂમાં કેમિકલ અને ફ્લેવર ઉમેરી તેને નામચીન બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી, નકલી સ્ટીકર અને સીલ લગાવીને



વેચવાનું કૌભાંડ ચાલતું હતું. પોલીસે દરોડા દરમિયાન મંદિપ ભાવસાર, કૈલાશ બોડાણા, દેવ પટેલ અને દેવાંગ જાની નામના ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. સ્થળ પરથી દારૂની બોટલો, કેમિકલ, નકલી સ્ટીકર, બોટલ સીલ કરવાની સામગ્રી, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ. ૧.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર વિક્કી ઉર્ફે મંગો ફરાર થઈ જતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. શાહપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી દારૂના સપ્લાય નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરાઈ છે.

# રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું, હવે છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

રાજકોટ,તા.૦૩

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસાદનું જોર ઘટતા મોટાભાગના વિસ્તારોમાં રાહત જોવા મળી છે.

રવિવારે ૨૨૬ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમાં રાજકોટમાં સૌથી વધુ પોણા ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. હાલ ગુજરાત પરથી ભારે વાદળો હટી જતા આગામી




દિવસોમાં ભારે વરસાદની શક્યતા ઓછી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. ૩ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારમાં દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશામાં પવન ફૂંકાશે. પવનની ઝડપ ૧૫થી ૨૦ નોટ જ્યારે ઝાટકામાં ૨૫ નોટ સુધી પહોંચી શકે છે. સમુદ્રની સ્થિતિ મધ્યમથી રફ રહેવાની શક્યતા હોવાથી માછીમારોને સાવચેતી રાખવા સૂચના અપાઈ છે.

# વડોદરાના માંજલપુર પેટાચૂંટણીમાં ભાજપના સતિષ પટેલનો ૩૦,૪૯૯ મતોની લીડથી વિજય

વડોદરા,તા.૦૩

વડોદરાની માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સતિષ પટેલે ૩૦,૪૯૯ મતોની જંગી સરસાઈ સાથે ભવ્ય વિજય મેળવ્યો છે. કુલ ૧૯ રાઉન્ડની મતગણતરીના અંતે સતિષ પટેલને મોટા પાયે જનાદેશ મળ્યો છે, જ્યારે સામે પક્ષે કોંગ્રેસના ઉમેદવારને



૨૪,૫૮૫ મત પ્રાપ્ત થયા હતા. મતોની ગણતરીના પ્રારંભથી જ ભાજપે સતત પોતાની લીડ જાળવી રાખી હતી. વિજય બાદ સતિષ પટેલે માંજલપુરની જનતાનો આભાર માનતા વિસ્તારના વિકાસ કાર્યોને સતત આગળ ધપાવવાનો વિશ્વાસ અપાવ્યો હતો. મતગણતરી કેન્દ્ર ખાતે પરિણામ સ્પષ્ટ થતાં જ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મહિલા કાર્યકરોએ ગરબા રમીને જીતનો ઉત્સવ મનાવ્યો હતો.

# મોરબીના રણછોડનગરમાં પ્રાથમિક સુવિધાઓના અભાવે લોકોનો ચક્કાજામ, કોર્પોરેટરો પણ જોડાયા

મોરબી,તા.૦૩

મોરબીના રણછોડનગર વિસ્તારમાં રસ્તા, ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલ જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ભારે વરસાદ બાદ રસ્તાઓ પર પડેલા ખાડા અને કાદવ-કીચડના કારણે દૈનિક જીવન મુશ્કેલ બનતાં ત્રસ્ત લોકોએ રસ્તા પર ઉતરીને ચક્કાજામ કર્યો હતો. તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં આ વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

આ આંદોલનમાં સ્થાનિક કોર્પોરેટર પણ લોકો સાથે જોડાયા હતા. અગાઉ આપેલા વચનો પૂરા ન થતાં અને કામગીરી શરૂ ન થતાં લોકોએ તાત્કાલિક સુવિધાઓ આપવાની માંગ કરી છે, અન્યથા આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.

# દ્વારકામાં ગેસ પાઈપલાઈન સામે ખેડૂતોએ કર્યા ધરણા, બનાસકાંઠામાં ધિરાણ કૌભાંડનો આક્ષેપ

દ્વારકા,તા.૦૩

દેવભૂમિ દ્વારકાના જામખંભાળિયા માં જીએસપીએલની ગેસ પાઈપલાઈનના કામ સામે ખેડૂતો પાંચ દિવસથી ખેતરમાં જ ધરણાં પર બેઠા છે.

ઊભા પાક વચ્ચે જેસીબી ચલાવતા ફાટી નીકળેલા રોષ વચ્ચે ખેડૂતોના બાળકોએ હાથમાં બેનરો સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.




બીજી તરફ, બનાસકાંઠાના વાલપુરા સહકારી મંડળી સામે બે ખેડૂતોના નામે ખોટી સહીઓ કરી રૂ.૧૯.૧૦ લાખનું પાક ધિરાણ ઉપાડી લીધાનો આરોપ લાગ્યો છે. બેંકની નોટિસ મળતાં કૌભાંડ પ્રકાશમાં આવતા ખેડૂતોએ મંડળીના ચેરમેન અને સંચાલકો સામે થરા પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી માટે અરજી આપી છે.




# અમદાવાદના થલતેજ અને સેટેલાઈટ સહિત પશ્ચિમ વિસ્તારોમાં ભૂકંપનું જોખમ વધુ : ISRનું તારણ

ગાંધીનગર,તા.૦૩

ગાંધીનગર સ્થિત ભૂકંપ સંશોધન સંસ્થા (ISR)ના અભ્યાસમાં ખુલાસો થયો છે કે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ભૂકંપનું જોખમ સૌથી વધુ છે. થલતેજ, મેમનગર, સેટેલાઈટ અને જોધપુર જેવા પશ્ચિમ વિસ્તારો ઉચ્ચ જોખમ ધરાવે છે, જ્યારે પૂર્વમાં રખિયાલ, બાપુનગર, ઈસનપુર અને ઘોડાસર પણ હાઈ રિસ્ક ઝોનમાં આવે છે. આ સંશોધન ૨૦૦૧ના ભૂકંપની અસરો, જમીનના ગુણધર્મો, ભૂગર્ભ રચના અને ૨૩ બોરહોલના વિશ્લેષણ આધારે કરવામાં આવ્યું છે.



તારણ મુજબ સોલા, ગોતા, નરોડા અને સરખેજ જેવા વિસ્તારોમાં ભૂકંપીય જોખમ સરખામણીએ ઓછું છે. વર્ષ ૨૦૦૨ની ઝોનિંગ વ્યવસ્થા મુજબ અમદાવાદ ઝોન-૩માં આવે છે, જ્યાં જમીનની સ્થાનિક રચના અને નદીકાંઠાના સ્તરોને કારણે જોખમનું પ્રમાણ અલગ-અલગ રહે છે.

